**DIET**
BHUJ (KUTCH)

# વાર્ષિક અહેવાલ ૨૦૧૮-૧૯

IFIC · CMDE · WE · SC&M · P&M · DRU · ET · PSTE








# ANNUAL REPORT - 2018-19

સહયોગ
અધ્યાપક પરિવાર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ભુજ-કચ્છ.

પ્રેરક
એચ. ટી. ગોર
પ્રાચાર્ય
જિ.શિ. અને તા.ભ.,
ભુજ-કચ્છ.

સંકલન
અશ્વિન પી. સુથાર
લેક્ચરર, પી.એન્ડ એમ., શાખા
ડાયટ, ભુજ-કચ્છ.

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ-કચ્છ


મિડલ સ્કૂલ ગ્રાઉન્ડ, બસ સ્ટેશન સામે, ભુજ. ફોન : 02832-221491
e-mail : dbhuj2046@gmail.com • web site : www.diet-kutch.org

# સંસ્થાગીત

વધુ સારા, ગુણવત્તાવાળા
શિક્ષણનો નિરધાર છે.
બધા શિશુઓ પામે શિક્ષણ,
વળી એવો વિચાર છે.
આઠ અંગોનો મહિમા એનો,
શિક્ષકનો સત્સંગ છે.
પૂર્વ સેવાને સેવાકાલીન
પ્રશિક્ષણનો પંથ છે.
મૂલ્યાંકનનો મુગટમણિ જે
શિક્ષણરુપે ઝબકે છે.
કાર્ય શિક્ષણના ધબકારે,
હૈયું એનું ધબકે છે.
આયોજનની આંખો એની
સુંદર પ્રતિભાવ ઝંખે છે.
પ્રૌદ્યોગિકીના ઉપયોગે જે
શાળાઓમાં મહેંકે છે.
સંશોધનના વરદ્હસ્તે જે
સહાયમાં તૈયાર છે.
વહીવટરુપી ચરણો જેના,
પ્રગતિનો આધાર છે.
તરંગને ઉલ્લાસની દૃષ્ટિ
શિક્ષણ સિદ્ધિ શિખરે છે.
કર્મશીલ સહુ શિક્ષક હૃદયે
પ્રતિબદ્ધતા પ્રસરે છે.

- નરેન્દ્ર રાવલ.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ

## વાર્ષિક કામગીરી અહેવાલ

## વર્ષ : 2018 - 19

### અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| 1 | ડિસ્ટ્રીક્ટ પ્રોફાઈલ | 1 - 13 |
| 2 | PAC મીટીંગ | 14 - 16 |
| 3 | ડાયટનો ઈન્ટ્રોડક્શન(રૂપરેખા) | 17 |
| 4 | ડાયટના હેતુઓ | 18 |
| 5 | ડાયટના કાર્યો | 18 |
| 6 | ડાયટની શાખાઓ | 19 |
| 7 | ડાયટનો મહેકમ | 20 - 21 |
| 8 | ડાયટનું સ્ટાફલીસ્ટ | 22 - 23 |
| 9 | ડાયટનું અન્ય સંસ્થાઓ સાથે સંકલન | 24 |
| 10 | ડાયટનો લેબ એરિયા | 25 |
| 11 | ડાયટમાં વિવિધ સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો | 26 - 41 |
| 12 | ઈકો ક્લબ | 41 - 42 |
| 13 | બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા | 42 - 43 |
| 14 | કલા ઉત્સવ | 43 - 44 |
| 15 | ગણિત–વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ | 44 |
| 16 | વિજ્ઞાન મેળા | 44 - 46 |
| 17 | શાળા સ્વચ્છતા એવોર્ડ | 46 - 47 |
| 18 | એજ્યુકેશનલ ઈનોવેશન ફેર | 47 |
| | તસ્વીરી ઝલક | 48 - 52 |

# 1. ડિસ્ટ્રીક્ટ પ્રોફાઇલ

## 1.1 કચ્છ જિલ્લાનો ઈતિહાસ

**પ્રસ્તાવના :-**

ભારત દેશના ગુજરાત રાજ્યના 33 જિલ્લાઓ પૈકી કચ્છ જિલ્લો ગુજરાતની પશ્ચિમે આવેલ એક સરહદી જિલ્લો છે. જેની એક બાજુ આંતરરાષ્ટ્રીય સરહદ, દક્ષિણે સાગર કાંઠો, જ્યારે ઉત્તર-પૂર્વ બાજુ જમીન માર્ગથી જોડાયેલો છે. આવો, આપણે આ વિશિષ્ટ જિલ્લાનો ઈતિહાસ જાણીએ.

**ઈતિહાસ :-**

કચ્છ પ્રદેશની વિશિષ્ટ ભૌગોલિક લાક્ષણિકતાઓ અને કાચબાને મળતાં ભૂપૃષ્ઠ લક્ષણોને કારણે તેનું નામ કચ્છ પડ્યું. પ્રાચીન સાહિત્યમાં તેના આ નામનો ઉલ્લેખ છે. મલ્લીનાથીએ અમરકોષ પર તેના ભાષ્ય સંજીવનીમાં તેની નીચાણમાં આવેલા ભેજવાળા પ્રદેશ કે પડતર જમીન તરીકે વ્યાખ્યા કરી છે. પુરાણમાં જૂના વખતમાં આ દેશની મુલાકાત લેનાર વિદેશી પ્રવાસીઓની આ પ્રેદશ પરની જુદી જુદી નોંધોમાં તેમજ શિલાલેખોમાં, તામ્રપત્રોમાં અને જૂનાં લખાણો અને હસ્તપ્રતોમાં તેનો આ નામ તરીકે ઉલ્લેખ છે. ગ્રીક પ્રવાસી અને લશ્કરી સેનાપતિએ પણ ઇશુ ખ્રિસ્ત પહેલાંની બીજી સદી દરમિયાન તેના આબિર ના મૂળ તેમને અપભ્રંશ કરીને આ પ્રદેશનો આબિરિયા કે અબીર તરીકે ઉલ્લેખ કર્યો છે. ઇ.સ. ની ત્રીજી કે ચોથી સદી સુધી અને તે પછી પણ તેમાં કચ્છ તેમજ આભિર એમ બન્ને નામો તરીકે ઉલ્લેખ છે. આ વિસ્તારમાં આભિરો વસતાં હતાં. તેના મૂળ નિવાસીઓ પરથી તે સૌ પ્રથમ આભિર તરીકે ઓળખાયો. તેની આસપાસની પાણી અને ખરાબાની જમીનથી ઘેરાયેલી અદ્વિતીય ભૌગોલિક સ્થિતિને કારણે તે પાછળથી કચ્છ તરીકે ઓળખાયો.

કચ્છની વહીવટી ભૂમિકા અસ્પષ્ટ લાગે છે. પ્રાચીન કાળથી ઉત્તર અને પૂર્વમાંથી આવેલી જુદી જુદી જાતિઓ અને આદિજાતિઓએ આ ભૂમિ પર વસવાટ કરેલો. જાણવા મળતાં ઈતિહાસના સમય દરમિયાન તે વખતો વખત સિંધ અને ગુજરાત પર સત્તા ભોગવનાર જુદા જુદા રાજવંશોના આધિપત્ય હેઠળ રહેલું છે. તે એક વખત મૌર્ય સામ્રાજ્યનો ભાગ હતું. ત્યારબાદ તે શક, ક્ષત્રપ, ગુ , હૈહેયોની સત્તા હેઠળ આવ્યો. પાછળથી તેના પર મૈત્રક, ગુર્જર, ચૌલુક્ય, ચાવડા, સોલંકી, કાઠી અને ગુજરાતના બીજા રાજાઓએ રાજ્ય કર્યું. આમ, કચ્છને ગુજરાત સાથે ગાઢ સંપર્ક રહ્યો છે, જેના ઈતિહાસના પ્રવાહે આ પ્રદેશ પર ઘણી અસર કરી છે.

કચ્છના ઈતિહાસને સામાન્ય રીતે પ્રાચીન અને એનિક અર્થાત 14 મી સદીની લગભગ શરુઆતના સમયમાં જાડેજાના સમાના વિજય પહેલાંના અને પછીના સમયમાં એમ બે ભાગમાં વહેંચી શકાય અથવા સિંધની સમા રાજપૂત જાતિએ કચ્છ પર વિજય મેળવ્યો ત્યારેબ 14 મી સદીમાં કચ્છનો અલગ રાજ્ય તરીકે પ્રાદુર્ભાવ થયો. જુનાં હિંદુ લખાણોમાં આ પ્રદેશનો કચ્છ કિનારાની જમીન અથવા રણ વિસ્તાર તરીકે ઉલ્લેખ છે. કચ્છની અગાઉની હકીકત ગ્રીક સાહિત્યમાં જોવા મળે છે. ઇ.સ.પૂર્વે 14-124 માં કચ્છ જમનાની સૌરાષ્ટ્ર સુધી ફેલાયેલા ખનેન્દરના રાજ્યનો એક ભાગ હતું. આના પછી તરત જ (ઇ.સ. પૂર્વે 120) ગ્રીકો બેક્ટ્રીયન સામ્રાજ્ય ઉથલી પડ્યું અને હિંદમાં શક અથવા મિન તરીકે ઓળખાતા સેતિયનોએ કચ્છમાં અને ઉત્તર ગુજરાતના બીજા ભાગોમાં પોતાનો વસવાટ કર્યો. લગભગ ઇ.સ. પૂર્વે 56 માં વિક્રમાદિત્યે તેઓને હરાવતાં તેઓ 20 થી 30 વર્ષ વચ્ચે પાછા આવ્યા અને ચોકેત્સીને પોતાના રાજ્યની સ્થાપના કરી. આ ખ્રિસ્તી સંવતની પ્રથમ સદીમાં પાર્થીયનોને ઉથલાવી દીધા કે જેઓની સત્તા સિંધથી માંડી દક્ષિણે ભરુચ સુધી હતી. ઇસુ ખ્રિસ્ત પછી પ્રથમ સદીમાં પ્લીનીએ (ઇ.સ. 77) ઉલ્લેખ કરેલા ઓડેમ્બરી સામાન્ય રીતે કચ્છનાં વતની હોવા જોઇએ અને પીટીલેમીએ (ઇ.સ. 150) વર્ણવેલું આર્બદરી એ તેમનું મુખ્ય મથક હોવું જોઇએ. કચ્છનો બીજો ઉલ્લેખ એવો છે કે આઠમી સદીની શરુઆતના ભાગમાં (આશરે ઇ.સ. 714) તેલુગુના પ્રચારના મૃત્યુ સમયે, કચ્છ ચારણોને આપવામાં આવ્યું હતું. આ સમયે કચ્છની બીજી મુખ્ય જાતિ પૂર્વના ચાવડાઓ હતા એમ જણાય છે. આ સમય દરમિયાન આરબોએ કાઠિયાવાડ અને ગુજરાતના કિનારા પર છાપા મારવાની શરુઆત કરીને સિંધ જીતી લીધું હતું. નવમી સદીમાં તેમણે કચ્છના દરિયાકાંઠે વસવાટ શરુ કર્યો હતો. અલ્બીરુની (970-1039) માં કચ્છના હાલના નામનો ઉલ્લેખ થયેલો છે અને તેમાં જણાવ્યા મુજબ સિંધુ નદીની એક શાખા કચ્છની સરહદે સિંધ સાગરમાં મળે છે. અગિયારમી સદીના

પૂર્વાધમાં તેમાં જણાવ્યા મુજબ સિંધુ નદીની એક શાખા કચ્છની સરહદે સિંદ સાગરમાં મળે છે. અગિયારમી સદીના પૂર્વાધમાં (ઇ.સ. 1023) અણહિલવાડનો ભીમદેવ પહેલો (1022-1072) મહમ્મદ ગઝની કંથકોટ આવ્યો તે પહેલાં નાસી છૂટ્યો હતો. સદીના અંત વખતે, સિંધના ચોથા સુમરા રાજકુમાર ઘિરે માણિકબાઇ સુધીનો વિસ્તાર કબજે કર્યો હતો.

કચ્છનો આધુનિક ઇતિહાસ સિંધની સમા રાજપૂત જાતિએ કચ્છ જીત્યું તે તારીખથી શરુ થયો એમ કહી શકાય. ચૌદમી સદી દરમિયાન આ બન્યું અથવા ઓછામાં ઓછું પુરું થયું. પંદરમી સદીના પ્રારંભમાં (1410) અમદાવાદ સલ્તનતના સ્થાપક મુઝફરશાહે (1390-1411) કંથકોટના સરદારને હરાવ્યો. આ પરાજયથી સામાન્યતઃ અમદાવાદની હકુમત હેઠળ હોવા છતાં, કચ્છ 1472 સુધી સ્વતંત્ર ર ાો. સોળમી સદીની શરુઆતમાં કચ્છના સરદારો, તટ્ટાના સમાને ઉથલાવી નાખનારા અરઉધન રાજવંશ (1519-1543) સાથે મૈત્રીભર્યા સંબંધો ધરાવતા ન હતા એવું જણાય છે. સિંધના ઇતિહાસકારો મુજબ શાહ હુસેને (1522-1544) લગભગ 1530 માં એક પ્રસંગે કચ્છમાં દાખલ થઇ રાવને સજ્જડ પરાજય આપ્યો હતો. આ વખતે જાડેજા કુળની ત્રણ શાખાઓના પ્રતિનિધિ જામ દાદરજી, જામ હમીરજી અને જામરાવલ હતાં. મોગલ સમ્રાટ જહાંગીરનાં સમય દરમિયાન ભારમલ પોતાની સલામી પાઠવવા અમદાવાદ ગયો હતો. તેણે નજરાણું ભેટ ધર્યું હતું. જહાંગીર તેના પર ઘણો પ્રસન્ન થયો હતો. તેણે બદલામાં ભેટ આપી હતી અને મક્કા જતાં યાત્રાળુઓને કચ્છમાંથી જવાની છૂટ આપવાની શરતે કચ્છને ખંડણીમાંથી મુક્ત કર્યો હતો. 1741 માં લાખાજીરાવે તેના પિતાને અટકમાં રાખ્યા અને કચ્છની ધુરા ધારણ કરી હતી. રાવ દેસલજીએ 1860 સુધી રાજ્ય કર્યું. કેટલાંક વર્ષ સુધી રાવ દેસલજી અને તેના પાટલીપુત્ર વચ્ચે કમનસીબે ઝઘડો ચાલ્યો. પરંતુ તેના મરણ અગાઉ મૈત્રીભર્યા સંબંધો સ્થપાયા હતાં. 1859 માં કેટલાક વખત ગંભીર માંદગીમાં સપડાયો હોઇ, રાવે રાજપ્રતિનિધિ નીમી વહીવટ કરવા સરકારને રાજ્યની ધુરાના ભારમાંથી મુકત કરવા પ્રાર્થના કરી હતી. તેમની ઇચ્છા માન્ય રાખવામાં આવી અને 12 મી જુલાઇના રોજ કચ્છના રાવે રાજકીય એજન્ટના પ્રમુખપણા નીચે યુવરાજને પ્રધાન તરીકે અને બીજા બે જાડેજા નાયકોને સલાહકાર મંડળમાં સભ્યો તરીકે પસંદ કર્યા. બીજા વર્ષે 21 મી જુને રાવની તાકીદની વિનંતીથી સલાહકાર મંડળ વિખેરી નાખવામાં આવ્યું અને રાજ્યની સત્તા તેના દેખીતા વારસ રાવ પ્રાગમલજી બીજાને સોંપવામાં આવી. તેણે 1860 થી 1875 સુધી રાજ્ય કર્યું. રાવ પ્રાગમલજી પછી રાવ ખેંગાર ત્રીજો ગાદીએ આવ્યો. તેના રાજ્યાભિષેક વખતે તે માત્ર દસ વર્ષનો હતો અને રાજકીય બાબતોનો વહીવટ થતો હતો. આ રાજવંશ સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી ચાલ્યો.

હાલનો કચ્છ જિલ્લો અગાઉના કચ્છ રાજ્યના રજવાડા અને અગાઉના મોરબી રજવાડાના 10 ગામનો બનેલો છે. 1947 પછી, તે ભાગ-ગ નું રાજ્ય હતું. તેનો વહીવટ મુખ્ય કમિશ્નર મારફત ભારત સરકાર કરતી હતી.

નવેમ્બર 1956 માં રાજ્યોની પુર્નરચના થઇ અને નિદર્ભ, મરાઠાવાડા, સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશ સાથે બૃહદ દ્વિભાષી મુંબઇ રાજ્ય રચવામાં આવ્યું અને કચ્છ જિલ્લો દ્વિભાષી રાજ્યનો એક ભાગ બન્યો. છેલ્લે 1 લી મે 1960 ના રોજ મુંબઇ રાજ્યનું વિભાજન થયું અને ગુજરાતને મહારાષ્ટ્રના અલગ રાજ્યો રચાયાં. તે તારીખથી કચ્છ જિલ્લો નવા રચાયેલા ગુજરાત રાજ્યનો એક ભાગ બન્યો.

કચ્છ જિલ્લાના કેટલાક ભાગ પર સાર્વભૌમત્વ બાબતમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદનાં ઝગડા હોવાથી, સ્વતંત્રતા બાદ કચ્છ જિલ્લા પર ખાસ ધ્યાન અપાયું. ભારત અને પાકિસ્તાન સરકારે સરહદ વિવાદ નિષ્પક્ષ પંચને સોંપવાનું નક્કી કર્યું. 30 મી જૂન 1965 ના રોજ તેઓ પણ સંમત થયા કે પંચનો નિર્ણય બંનેને બંધનકર્તા રહેશે અને કોઇપણ પ્રકારનાં કારણોસર તેની સામે વાંધો ઉઠાવી શકાશે નહીં. જિનીવા ખાતે આ પંચનું મુખ્ય મથક હતું. પંચે બંને પક્ષોની દલીલો સાંભળી, બંને પક્ષકારોએ રજૂ કરેલા દસ્તાવેજો, નકશા વગેરે તપાસ્યા અને 19મી ફેબ્રુઆરી 1968 ના રોજ પોતાનો ચુકાદો આપ્યો. તે ભારત પાકિસ્તાન પશ્ચિમ સરહદ કેસ પંચના ચુકાદામાં સમાવિષ્ટ છે. તદ્અનુસાર જમીન પર થાંભલા ઉભા કરીને સરહદનું સીમાંકન કાર્ય 1968 માં હાથ ધરવામાં આવ્યું અને જૂન 1969 માં તે પુરું થયું.

# 1.2 કચ્છની ભૌગોલિક અને શૈક્ષણિક સંસ્થાઓની માહિતી

## 1.2.1 જિલ્લાની ભૌગોલિક માહિતી

- ▸▸ જિલ્લો :- કચ્છ
- ▸▸ સ્થાન :- 22.4 અંશથી 24.21 અંશ ઉત્તર અક્ષાંશ પર 68.9 અંશ થી 68.9 થી 71.54 અંશ પશ્ચિમ રેખાંશ પર પથરાયેલો કર્કવૃત્તિય પ્રદેશ એટલે કચ્છ
- ▸▸ આબોહવા :- ગરમ છે.
- ▸▸ કુલ વરસાદ :- 246 મી.મી.
- ▸▸ વિસ્તાર :- 45652 ચો.કિ.મી.
- ▸▸ તાલુકો :- 10 (દસ)
- ▸▸ વસ્તી (કુલ) વર્ષ 2011 મુજબ :- 20,92,371
- ▸▸ વસ્તી (પુરુષ) વર્ષ 2011 મુજબ :- 10,96,737
- ▸▸ વસ્તી (સ્ત્રી) વર્ષ 2011 મુજબ :- 9,95,634
- ▸▸ વસ્તી (ગ્રામ્ય) વર્ષ 2011 મુજબ :- 13,63,836
- ▸▸ વસ્તી (શહેર) વર્ષ 2011 મુજબ :- 7,28,535
- ▸▸ અક્ષરજ્ઞાન વર્ષ 2011 મુજબ :- 12,74,242
- ▸▸ અક્ષરજ્ઞાન (ગ્રામ્ય) :- 7,56,239
- ▸▸ અક્ષરજ્ઞાન (શહેરી) :- 5,18,003

## 1.2.2 શૈક્ષણિક સંસ્થાઓની વિગતો

- ▸▸ યુનિવર્સિટી :- 1
- ▸▸ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન :- 1
- ▸▸ પ્રાથમિક શાળાઓ :- 1740
- ▸▸ માધ્યમિક શાળાઓ :- 369
- ▸▸ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ :- 188
- ▸▸ કોલેજો
  - ▸▸ આર્ટસ :- 07
  - ▸▸ સાયન્સ :- 02
  - ▸▸ કોમર્સ :- 08

| | | | | | |
|---|---|---|---|---|---|
| ▸▸ પી.ટી.સી. કોલેજ | :- | 03 | | | |
| ▸▸ બી.એડ. કોલેજ | :- | 06 | ▸▸ બી.એડ. સ્પેશ્યલ | :- | 01 |
| ▸▸ ફાર્મસી કોલેજ | :- | 03 | ▸▸ બી.બી.એ.-બી.સી.એ. | :- | 01 |
| ▸▸ પોલીટેકનીક | :- | 02 | ▸▸ એમ.બી.એ. | :- | 01 |
| ▸▸ એન્જીનીયરીંગ | :- | 01 | ▸▸ બી.એ.જર્નાલિઝમ | :- | 01 |
| ▸▸ લો કોલેજ | :- | 02 | ▸▸ પી.જી.ડી.સી.એ. | :- | 01 |
| ▸▸ એમ. એસ. ડબલ્યુ. | :- | 03 | ▸▸ પી.જી.ડી.એચ.આર.એમ. | :- | 01 |
| ▸▸ સી.આર.સી..ની સંખ્યા | :- | 180 | ▸▸ બી.પી.એડ. | :- | 01 |
| ▸▸ બી.આર.સી..ની સંખ્યા | :- | 10 | | | |

## 1.3 કચ્છ જિલ્લામાં જોવાલાયક સ્થળોની યાદી

| ક્રમ | તાલુકો | સ્થળ |
|---|---|---|
| 1 | ભુજ | જૂની ઐતિહાસિક ઈમારતો, પ્રાગ મહેલ, શરદબાગ પેલેસ, આયના મેહલ, છતરડી, રાજમહેલ, ભુજિયો ડુંગર, દેસલસર અને હમીરસર તળાવ, કચ્છ સંગ્રહાલય, સ્વામીનારાયણ મંદિર, હાટકેશ્વર મંદિર, ભુજંગનાથ કે સૂર્ય મંદિર, આશાપુરા માતાનું મંદિર, કોટાય, દત્તાત્રેય ભગવાનનું મંદિર (કાળોડુંગર) સફેદ રણ, ધ્રંગ, રૂદ્રાણી, હાજીપીર દરગાહ |
| 2 | મુન્દ્રા | અદાણી પોર્ટ, જૈન મુનિની પાદુકા પરનું છત્ર, જૈન તીર્થ ભદ્રેશ્વર, અહિંસા ધામ (પ્રાગર ચોકડી), વાંકી જૈન તીર્થ, શાહ બુખારી દરગાહ |
| 3 | માંડવી | વૈષ્ણવ મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર, સ્વામીનારાયણ મંદિર, ધોરમનાથ મંદિર, પીરતાનાસાગી કબર, રાવલપીરનું સ્થાનક, ગંગાજી - જમનાજી પવિત્ર કુંડ, રામપર વેકરા, ક્રાંતિતીર્થ -માંડવી, અંબેધામ ગોધરા, બૌંતેર જિનાલય - કોડાય રોડ, દરિયા કિનારો, વિજય વિલાસ પેલેસ |
| 4 | અબડાસા | જખૌ, તેરા, કોઠારા, સુથરી જૈન પંચતીર્થો, પીંગલેશ્વર દરિયાકાંઠો |
| 5 | લખપત | કોટેશ્વર શિવનું મંદિર, નારાયણ સરોવર, આશાપુરા માતાનું મંદિર, માતાના મઢ તા. લખપત, પાન્ધ્રો લિગ્નાઇટ ખાણ, મુરચબાણ તીર્થ |
| 6 | ભચાઉ | પુરાતન કિલ્લો કંથકોટ, ધોળાવીરા પુરાતત્ત્વ સાઇટ (ખડીર) |
| 7 | અંજાર - ગાંધીધામ | કંડલા મહાબંદર, કીડાણા, જેસલ તોરલની સમાધિ, વીરા, જોગણીમાતાનું મંદિર, સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન ગાંધીધામ |
| 8 | રાપર | રવેચી માતાજીનું મંદિર, કચ્છનું રણ, ઘૂડખર અભયારણ્ય |
| 9 | નખત્રાણા | મોટા યક્ષનું સ્થાનક, છારી ઢંઢ, પીયોણી, ધીણોધર ડુંગર, રોહાનો કિલ્લો, પુંઅરેશ્વર |



કચ્છ પ્રવાસ
કચ્છનું મોટું રણ
કચ્છનું નાનું રણ
અરબી સમુદ્ર
કચ્છનો અખાત
ભુજ
અંજાર
ભચાઉ
રાપર
માંડવી
મુન્દ્રા
નખત્રાણા
નલિયા
દયાપર
ગાંધીધામ
કંડલા
ખાવડા
ધોળાવીરા
નારાયણસરોવર
કોટેશ્વર
સંજ્ઞાઓ
જિલ્લા મથક
તાલુકા મથક
ધોરી માર્ગ
તીર્થધામ
મુખ્ય માર્ગ
જૈન તીર્થ
જિલ્લા માર્ગ
બ્રોડગેજ
ઐતિહાસિક સ્થળ
મીટરગેજ
હસ્તકલા કેન્દ્ર
સૌજન્ય : એન. એમ. મારુ * એલ. બી. બાંડ્ર

# 1.4 વિસ્તાર અને વસતિ

કચ્છ જિલ્લાની 2011 ની વસતિ ગણતરી મુજબ વસતિ વિષયક આંકડા

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ્ય વસતિ | | | શહેરી વસતિ | | | કુલ વસતિ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| 1 | લખપત | 32274 | 30278 | 62552 | 0 | 0 | 0 | 32274 | 30278 | 62552 |
| 2 | રાપર | 96677 | 92231 | 188908 | 14388 | 14019 | 28407 | 111065 | 106250 | 217315 |
| 3 | ભચાઉ | 76236 | 70267 | 146503 | 21661 | 17871 | 39532 | 97897 | 88138 | 186035 |
| 4 | અંજાર | 78229 | 70125 | 148354 | 45172 | 42011 | 87183 | 123401 | 112136 | 235537 |
| 5 | ભુજ | 116990 | 112765 | 229755 | 111146 | 102368 | 213514 | 228136 | 215133 | 443269 |
| 6 | નખત્રાણા | 74380 | 71987 | 146367 | 0 | 0 | 0 | 74380 | 71987 | 146367 |
| 7 | અબડાસા | 61387 | 56151 | 117538 | 0 | 0 | 0 | 61387 | 56151 | 117538 |
| 8 | માંડવી | 77908 | 74089 | 151997 | 26075 | 25301 | 51376 | 103983 | 99390 | 203373 |
| 9 | મુન્દ્રા | 78986 | 53895 | 132881 | 10885 | 9453 | 20338 | 89871 | 63348 | 153219 |
| 10 | ગાંધીધામ | 20457 | 18524 | 38981 | 153886 | 134299 | 288185 | 174343 | 152823 | 327166 |
| | **કુલ** | **713524** | **650312** | **1363836** | **383213** | **345322** | **728535** | **1096737** | **995634** | **2092371** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓર્ડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

## 1.5 કચ્છ જિલ્લાની શાળાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યાની માહિતી

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | શિક્ષકની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | ભુજ | 352 | 48224 | 1829 |
| 2 | માંડવી | 169 | 22480 | 860 |
| 3 | મુન્દ્રા | 105 | 14885 | 586 |
| 4 | અંજાર | 133 | 20142 | 687 |
| 5 | ભચાઉ | 172 | 25446 | 919 |
| 6 | રાપર | 299 | 35119 | 1352 |
| 7 | અબડાસા | 174 | 17028 | 675 |
| 8 | નખત્રાણા | 174 | 19481 | 854 |
| 9 | લખપત | 107 | 9781 | 420 |
| 10 | ગાંધીધામ | 55 | 15949 | 526 |
| | **કુલ** | **1740** | **228535** | **8708** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત કચેરી, ભુજ

## 1.6 કચ્છ જિલ્લાના વિદ્યાર્થીઓની જાતિવાર માહિતી

| ક્રમ | તાલુકો | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| 1 | ભુજ | 24352 | 23872 | 48224 |
| 2 | માંડવી | 11270 | 11210 | 22480 |
| 3 | મુન્દ્રા | 7354 | 7531 | 14885 |
| 4 | અંજાર | 10103 | 10039 | 20142 |
| 5 | ભચાઉ | 13261 | 12185 | 25446 |
| 6 | રાપર | 18502 | 16617 | 35119 |
| 7 | અબડાસા | 8741 | 8287 | 17028 |
| 8 | નખત્રાણા | 9805 | 9676 | 19481 |
| 9 | લખપત | 4866 | 4915 | 9781 |
| 10 | ગાંધીધામ | 7760 | 8189 | 15949 |
| | **કુલ** | **116014** | **112521** | **228535** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત કચેરી, ભુજ

## 1.7 કચ્છ જિલ્લામાં કાર્યરત પ્રાથમિક શિક્ષકોની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | કામ કરતા શિક્ષકો | | |
|---|---|---|---|---|
| | | ધોરણ 1 થી 5 ના શિક્ષકો | ધોરણ 6 થી 8 ના શિક્ષકો | એકંદરે કુલ |
| 1 | ભુજ | 1099 | 730 | 1829 |
| 2 | માંડવી | 493 | 367 | 860 |
| 3 | મુન્દ્રા | 339 | 247 | 586 |
| 4 | અંજાર | 383 | 304 | 687 |
| 5 | ભચાઉ | 525 | 394 | 919 |
| 6 | રાપર | 792 | 560 | 1352 |
| 7 | અબડાસા | 438 | 237 | 675 |
| 8 | નખત્રાણા | 491 | 363 | 854 |
| 9 | લખપત | 277 | 143 | 420 |
| 10 | ગાંધીધામ | 302 | 224 | 526 |
| | કુલ | **5139** | **3569** | **8708** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓર્ડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

# 1.8 જિલ્લાની શાળાવાર વિદ્યાર્થીની સંખ્યા (ધોરણ 1 થી 5 માટે)

| અનુ. | તાલુકો | શાળાઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 100 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 101 થી 200 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 201 થી 300 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 301 થી 400 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 401 થી 500 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 500 થી વધુ વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | કુલ |
| 1 | ભુજ | 231 | 97 | 17 | 5 | 2 | 0 | 352 |
| 2 | માંડવી | 120 | 37 | 10 | 2 | 0 | 0 | 169 |
| 3 | મુન્દ્રા | 68 | 33 | 3 | 1 | 0 | 0 | 105 |
| 4 | અંજાર | 56 | 47 | 23 | 7 | 0 | 0 | 133 |
| 5 | ભચાઉ | 108 | 46 | 16 | 1 | 1 | 0 | 172 |
| 6 | રાપર | 223 | 55 | 16 | 4 | 1 | 0 | 299 |
| 7 | અબડાસા | 142 | 28 | 4 | 0 | 0 | 0 | 174 |
| 8 | નખત્રાણા | 126 | 44 | 4 | 0 | 0 | 0 | 174 |
| 9 | લખપત | 89 | 15 | 2 | 1 | 0 | 0 | 107 |
| 10 | ગાંધીધામ | 16 | 18 | 12 | 6 | 2 | 1 | 55 |
| | કુલ | **1179** | **420** | **107** | **27** | **6** | **1** | **1740** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓર્ડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

## 1.9 જિલ્લાની શાળાવાર વિદ્યાર્થીની સંખ્યા (ધોરણ 6 થી 8 માટે)

| અનુ. | તાલુકો | શાળાઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 100 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 101 થી 200 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 201 થી 300 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 301 થી 400 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 401 થી 500 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 500 થી વધુ વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | કુલ |
| 1 | ભુજ | 297 | 50 | 5 | 0 | 0 | 0 | 352 |
| 2 | માંડવી | 142 | 23 | 4 | 0 | 0 | 0 | 169 |
| 3 | મુન્દ્રા | 92 | 11 | 2 | 0 | 0 | 0 | 105 |
| 4 | અંજાર | 87 | 39 | 7 | 0 | 0 | 0 | 133 |
| 5 | ભચાઉ | 141 | 30 | 1 | 0 | 0 | 0 | 172 |
| 6 | રાપર | 257 | 39 | 3 | 0 | 0 | 0 | 299 |
| 7 | અબડાસા | 162 | 12 | 0 | 0 | 0 | 0 | 174 |
| 8 | નખત્રાણા | 161 | 13 | 0 | 0 | 0 | 0 | 174 |
| 9 | લખપત | 103 | 4 | 0 | 0 | 0 | 0 | 107 |
| 10 | ગાંધીધામ | 30 | 16 | 6 | 3 | 0 | 0 | 55 |
| | કુલ | **1472** | **237** | **28** | **3** | **0** | **0** | **1740** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓર્ડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

## 1.10 તાલુકાવાર - શિક્ષકવાર શાળાઓની સંખ્યા (ધોરણ 1 થી 5 માટે)

| અનુ. | તાલુકો | 0 શિક્ષકવાળી શાળાઓ | 1 શિક્ષકવાળી શાળાઓ | 2 શિક્ષકવાળી શાળાઓ | 3 થી 5 શિક્ષકવાળી શાળાઓ | 6 થી 10 શિક્ષકવાળી શાળાઓ | 10 થી વધુ શિક્ષકવાળી શાળાઓ | એકંદરે કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભુજ | 7 | 35 | 131 | 146 | 32 | 1 | 352 |
| 2 | માંડવી | 2 | 18 | 67 | 70 | 12 | 0 | 169 |
| 3 | મુન્દ્રા | 1 | 4 | 33 | 63 | 4 | 0 | 105 |
| 4 | અંજાર | 3 | 11 | 27 | 65 | 26 | 1 | 133 |
| 5 | ભચાઉ | 1 | 19 | 67 | 71 | 13 | 1 | 172 |
| 6 | રાપર | 1 | 41 | 143 | 95 | 18 | 1 | 299 |
| 7 | અબડાસા | 1 | 21 | 88 | 64 | 0 | 0 | 174 |
| 8 | નખત્રાણા | 2 | 8 | 83 | 77 | 4 | 0 | 174 |
| 9 | લખપત | 2 | 12 | 54 | 36 | 3 | 0 | 107 |
| 10 | ગાંધીધામ | 7 | 1 | 5 | 20 | 17 | 5 | 55 |
| | કુલ | **27** | **170** | **698** | **707** | **129** | **9** | **1740** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓર્ડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

## 1.11 તાલુકાવાર - શિક્ષકવાર શાળાઓની સંખ્યા (ધોરણ 6 થી 8 માટે)

| અનુ. | તાલુકો | 0 શિક્ષકવાળી શાળાઓ | 1 શિક્ષકવાળી શાળાઓ | 2 શિક્ષકવાળી શાળાઓ | 3 થી 5 શિક્ષકવાળી શાળાઓ | 5 થી વધુ શિક્ષકવાળી શાળાઓ | એકંદરે કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ભુજ | 118 | 36 | 59 | 115 | 24 | 352 |
| 2 | માંડવી | 41 | 20 | 39 | 60 | 9 | 169 |
| 3 | મુન્દ્રા | 13 | 17 | 28 | 42 | 5 | 105 |
| 4 | અંજાર | 19 | 14 | 16 | 69 | 15 | 133 |
| 5 | ભચાઉ | 30 | 28 | 34 | 75 | 5 | 172 |
| 6 | રાપર | 83 | 61 | 55 | 91 | 9 | 299 |
| 7 | અબડાસા | 53 | 44 | 49 | 27 | 1 | 174 |
| 8 | નખત્રાણા | 28 | 21 | 58 | 65 | 2 | 174 |
| 9 | લખપત | 41 | 15 | 29 | 22 | 0 | 107 |
| 10 | ગાંધીધામ | 12 | 2 | 9 | 15 | 17 | 55 |
| | કુલ | **438** | **258** | **376** | **581** | **87** | **1740** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓર્ડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

## 1.12 જિલ્લાના તાલુકાવાર સી.આર.સી. અને સી.આર.સી. કો.–ઓર્ડિનેટર્સની સંખ્યા

| અનુ. | તાલુકો | સી.આર.સી.ની સંખ્યા | સી.આર.સી. કો.–ઓર્ડિનેટર્સની સંખ્યા |
|---|---|---|---|
| 1 | ભુજ | 34 | 34 |
| 2 | માંડવી | 18 | 18 |
| 3 | મુન્દ્રા | 11 | 11 |
| 4 | અંજાર | 16 | 16 |
| 5 | ગાંધીધામ | 8 | 8 |
| 6 | ભચાઉ | 18 | 18 |
| 7 | રાપર | 29 | 29 |
| 8 | અબડાસા | 19 | 19 |
| 9 | નખત્રાણા | 16 | 16 |
| 10 | લખપત | 11 | 11 |
| | **કુલ** | **180** | **180** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડીસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓર્ડિનેટર, એસ.એસ.એ.એમ., ભુજ

## 1.13 જિલ્લાની માધ્ય./ઉ.મા. શાળાઓની સંખ્યા

| ક્રમ | તાલુકો | એસ.વી.એસ.નું નામ | શાળાઓની સંખ્યા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | માધ્યમિક શાળાઓ | | | | ઉ.મા. શાળાઓ | | | | કુલ શાળાઓ | | | |
| | | | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | કુલ | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | કુલ | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | કુલ |
| ૧ | ભુજ | સાંદીપની | 28 | 20 | 49 | 97 | 8 | 13 | 29 | 50 | 36 | 33 | 78 | 147 |
| ૨ | ગાંધીધામ | દ્રોણાચાર્ય | 27 | 14 | 62 | 103 | 6 | 13 | 31 | 50 | 33 | 27 | 93 | 153 |
| ૩ | અંજાર | | | | | | | | | | | | | |
| ૪ | માંડવી | શ્યામજી કૃષ્ણવર્મા | 22 | 13 | 16 | 51 | 6 | 13 | 14 | 33 | 28 | 26 | 30 | 84 |
| ૫ | મુન્દ્રા | | | | | | | | | | | | | |
| ૬ | નખત્રાણા | વિવેકાનંદ | 24 | 9 | 9 | 42 | 10 | 10 | 7 | 27 | 34 | 19 | 16 | 69 |
| ૭ | અબડાસા | | | | | | | | | | | | | |
| ૮ | લખપત | | | | | | | | | | | | | |
| ૯ | ભચાઉ | ચાણક્ય | 42 | 17 | 17 | 76 | 10 | 8 | 10 | 28 | 52 | 25 | 27 | 104 |
| ૧૦ | રાપર | | | | | | | | | | | | | |
| | કુલ | 5 | **143** | **73** | **153** | **369** | **40** | **57** | **91** | **188** | **183** | **130** | **244** | **557** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભુજ

# 2. PAC મીટીંગ

## પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની બેઠક

**▸▸ પ્રસ્તાવના :-**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા યોજાતા શૈક્ષણિક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના સમગ્ર આયોજન અને સંચાલન અંગે માર્ગદર્શન અને સલાહ માટે કાર્યક્રમ સલાહકાર સમિતિ (પીએસી) ની રચના દરેક જિલ્લામાં કરવામાં આવેલ છે. આ સમિતિની બેઠક વર્ષમાં બેવાર મળે છે. આ સમિતિઓનાં સભ્યો સાથેના પરામર્શન બાદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેના શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરે છે.

**▸▸ કાર્યક્રમ સલાહકાર સમિતિ (પીએસી) ના હેતુઓ :-**

- શૈ. કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના આયોજન અને સંચાલન અંગે માર્ગદર્શન અને સલાહ આપવા.
- જિ. શિ. તા. ભવન દ્વારા થયેલ કાર્યક્રમોની સમીક્ષા કરવી.
- જિ. શિ. તા. ભવન અંતર્ગત થયેલ શૈ. કાર્યક્રમોની સમીક્ષા કરી જરુરી માર્ગદર્શક સૂચનો આપવા.
- જિ. શિ. તા. ભવન દ્વારા થતાં કાર્યક્રમોની માહિતી જનસમુદાય સુધી પહોંચાડવી.
- જિ. શિ. તા. ભવન દ્વારા યોજાતાં ઇનોવેટિવ કાર્યક્રમોની અસરકારકતા વધારવા માર્ગદર્શન અને સૂચનો આપવા.

**▸▸ કાર્યક્રમ સલાહકાર સમિતિના કાર્યો :-**

કાર્યક્રમ સલાહકાર સમિતિના કાર્યો નીચે મુજબ છે.

- જિ. શિ. તા. ભવન દ્વારા યોજાતા શૈ. કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ અંગે સલાહ અને માર્ગદર્શન આપે છે.
- જિ. શિ. તા. ભવન દ્વારા યોજાતાં ઇનોવેટિવ કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપે છે.
- જિ. શિ. તા. ભવન દ્વારા યોજાતાં કાર્યક્રમોની અસરકારકતા વધારવાના સૂચનો કરે છે.
- જિ. શિ. તા. ભવન દ્વારા થતાં કાર્યક્રમોની માહિતી જનસમુદાય સુધી પહોંચાડે છે.
- કાર્યક્રમ સલાહકર સમિતિ શિક્ષક તાલીમકાર્ય અને સંશોધન જેવા વિવિધ પ્રકારના કાર્યક્રમોને તપાસવા પેટા સમિતિઓ રચી માર્ગદર્શન આપે છે.

**▸▸ શિક્ષક પ્રશિક્ષણની ૧૨મી યોજના અંતર્ગત કાર્યક્રમ સલાહકાર સમિતિ :-**

કારોબારી સમિતિ સ્વરૂપે PAC ની એક લઘુ આવૃત્તિ હોઇ શકે, જેનું નેતૃત્વ જિલ્લા પરિષદના નેતા કે જિલ્લા ન્યાયાધિશનું હોઇ શકે.

**▸▸ કાર્યક્રમ સલાહકાર સમિતિના સભ્યો :-**

| ક્રમ | વિગત | હોદ્દો |
|---|---|---|
| 1 | જિલ્લા સમાહર્તા (જિલ્લા મેજિસ્ટ્રેટ/જિલ્લા કલેક્ટર) | અધ્યક્ષ |
| 2 | જિલ્લા વિકાસ અધિકારી | ઉપાધ્યક્ષ |
| 3 | જિલ્લા શિક્ષણ અધિકારી | સભ્ય |
| 4 | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી | સભ્ય |
| 5 | SSA અને RMSAના જિલ્લા પ્રોજેક્ટ કો.-ઓર્ડિનેટર | સભ્ય |
| 6 | ડાયટના સિનીયર લેક્ચરર(બે) | સભ્ય |
| 7 | શાળાના મુખ્ય શિક્ષક(બે) | સભ્ય |
| 8 | આદિજાતિ કલ્યાણ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, લઘુમતી વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ(એક-એક પ્રતિનિધિ) | સભ્ય |
| 9 | બી.આર.સી. કો.-ઓર્ડિનેટર(એક) | સભ્ય |
| 10 | સી.આર.સી. કો.-ઓર્ડિનેટર(એક) | સભ્ય |
| 11 | આનગી/અનુદાનિત/બિન અનુદાનિત શિક્ષણ પ્રશિક્ષણ કોલેજ(ડી.એડ્. અને બી.એડ્.)માંથી એક આચાર્ય | સભ્ય |
| 12 | આઈ.એ.એસ.ઈ.ના પાચાર્ય | સભ્ય |
| 13 | સી.ટી.ઈ.ના પાચાર્ય | સભ્ય |
| 14 | SCERTના નિયામકશ્રીના પ્રતિનિધિ | સભ્ય |
| 15 | શિક્ષક પ્રશિક્ષણના ક્ષેત્રમાં કામ કરતી એક NGOના પ્રતિનિધિ | સભ્ય |
| 16 | પી.એસ.ટી.ઈ.માંથી બે તાલીમાર્થીઓ(સિનીયર અને જુનિયર) | સભ્ય |
| 17 | ડાયટના પ્રાચાર્ય | કન્વીનર |

# પ્રોગ્રામ એડવાઈઝરી કમીટી (PAC) બેઠક અહેવાલ

આજરોજ તા. 27/11/2018 મંગળવારના રોજ PAC બેઠક કોન્ફરન્સ હોલ, કલેકટર કચેરી, ભુજ ખાતે યોજવામાં આવી હતી. આ બેઠકમાં નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નિલેષભાઈ ગોર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિનિધી, માનવજ્યોત સંસ્થાના પ્રમુખ શ્રી પ્રબોધભાઈ મુનવર, બી.આર.સી.કો-ઓર્ડિનેટરના પ્રતિનિધી, સી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રી સુનિલગર ગોસ્વામી, પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક શ્રી દિલીપસિંહ જાડેજા અને શ્રી રાજેશભાઈ ગોર ઉપરાંત ડાયટ ફેકલ્ટીઝના PAC મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રોગ્રામ એડવાઈઝરી કમીટી (PAC) બેઠકની શરૂઆતમાં ડાયટ ભુજની DRU શાખાના લેકચરર શ્રી સંજયભાઈ ઠાકર દ્વારા સૌને આવકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ડાયટ ભુજના પ્રાચાર્ય શ્રી એચ.ટી. ગોર દ્વારા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તે જ રીતે ડાયટ ફેકલ્ટીઝ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિનિધી અને માનવજ્યોત સંસ્થાના પ્રમુખશ્રી પ્રબોધભાઈ મુનવરનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડાયટ ભુજની DRU શાખાના લેકચરર શ્રી સંજયભાઈ ઠાકર દ્વારા PAC બેઠકનો પ્રસંગ પરિચય આપવામાં આવ્યો અને બેઠકના મુખ્ય એજન્ડાની રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ડાયટ ભુજની P&M શાખાના લેકચરર શ્રી અશ્વિનભાઈ સુથાર દ્વારા PAC બેઠકનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

PAC બેઠકના પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનમાં સૌપ્રથમ એજન્ડા – 1 મુજબ ડાયટ ભુજ દ્વારા વર્ષ : 2018-19 માં થયેલ કાર્યક્રમોની વિગત રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ એજન્ડા – 2 મુજબ ડાયટ ભુજના એન્યુઅલ વર્કપ્લાન વર્ષ : 2019-20 ના કાર્યક્રમોની વિગત અને સમીક્ષા અંતર્ગત સમગ્ર રજૂઆત શ્રી અશ્વિનભાઈ સુથાર દ્વારા કરવામાં આવી હતી. જેમાં Programmes & Activities, Research અને DIET Faculties Development નો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેની એજન્ડા-2 માં વિગતે રજૂઆત કરવામાં આવી હતી. સંપૂર્ણ પ્રેઝન્ટેશન થઈ ગયા બાદ કલેકટરશ્રીની અનુપસ્થિતિમાં ડાયટ ભુજના પ્રાચાર્યએ જરૂરી સૂચનો આપવા જણાવ્યું હતું.

નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નિલેષભાઈ ગોર દ્વારા પ્રાથમિક શાળામાં વાંચન, લેખન અને ગણન પર ભાર મૂકવા અને શાળામાં વિદ્યાર્થીઓની અનિયમિતતાના પ્રશ્નો દૂર કરવા જણાવવામાં આવ્યું હતું. તેમણે ડાયટ, પ્રાથમિક શાળા તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વચ્ચેનું સંકલન જરૂરી છે તેમ જણાવ્યું હતું. કચ્છી ભાષાની તાલીમ ઉચ્ચતર પ્રાથમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવે અને માતૃભાષાના શિક્ષણ પર ભાર મૂકવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સરકારી શાળાઓના શિક્ષકોનો મોટાભાગનો સમય માહિતી પૂરી પાડવામાં વ્યતીત થતો હોઈ ડીજીટલ વેબસાઈટ તૈયાર કરવામાં આવે. મુખ્ય શિક્ષક શ્રી દિલીપસિંહ જાડેજાએ જણાવ્યું કે ડાયટ અને જીસીઈઆરટી દ્વારા કાર્યક્રમો થાય છે પણ વાલીઓમાં શિક્ષણ પ્રત્યેની લોકજાગૃતિનો અભાવ છે તેથી જો એસ.એમ.સી., વાલી મંડળ અને લોકજાગૃતિના કાર્યક્રમો ઉમેરાય તો વધુ સારું.

શ્રી રાજેશભાઇ ગોરે શાળા કક્ષાએ ગ્રાસરૂટ લેવલની પરિસ્થિતિમાં પડતી મુશ્કેલી વિશે જણાવ્યું હતું. ઉપરોક્ત સૂચનોના નિવારણ માટે શાળાઓમાં દર મહિને નિયમિત વાલી સંમેલન/વાલી મીટીંગનું આયોજન કરવા અને લોકજાગૃતિના કાર્યક્રમોમાં નિષ્ણાંત તજજ્ઞોને સહભાગી કરવા જણાવ્યું હતું. સી.આર.સી. કો-ઓર્ડિનેટર સુનિલભાઇ ગોસ્વામીએ SCE પત્રકો નિભાવવામાં શિક્ષકોને મુશ્કેલી પડતી હોવાને કારણે SCE તાલીમ યોજવાની જરૂરીયાત દર્શાવી હતી. માનવજ્યોત સંસ્થાના પ્રમુખ શ્રી પ્રબોધભાઇ મુનવરે રખડતા બાળકોને ભણતા કરવા માટે હાથ ધરેલ સેવાકાર્યની વાત કરી હતી.

ડાયટ ભુજના પ્રાચાર્ય શ્રી એચ.ટી.ગોરે સમગ્ર પ્રેઝન્ટેશન અંતર્ગત વિવિધ મુદ્દાઓ વિશે ચર્ચા કરી હતી. તેમણે તાલીમ બાદ શાળામાં શિક્ષકો દ્વારા ફોલોઅપ વર્ક થાય તે બાબત પર ભાર મૂક્યો હતો. તેમણે ડાયટ, પ્રાથમિક શાળા તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વચ્ચેના સંકલન માટે જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને સંકલનમાં રહેવા જણાવ્યું હતું.


ડાયટ ભુજના પ્રાચાર્ય, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કામની વ્યસ્તતા વચ્ચે PAC બેઠક માટે સમય ફાળવ્યો અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેઓ એજન્ડા – 1 મુજબ ડાયટ ભુજ દ્વારા વર્ષ : 2018-19 માં થયેલ કાર્યક્રમોની વિગતથી અવગત થયા હતા અને એજન્ડા–2 મુજબ ડાયટ ભુજના એન્યુઅલ વર્કપ્લાન વર્ષ : 2019-20 ના કાર્યક્રમોમાં જરૂરી સુધારા કરવા હેતુપૂર્ણ કાર્યક્રમો કરવા તરફ ધ્યાન દોર્યું હતું. PAC બેઠકના અંતે સૌ PAC મેમ્બર્સ ચા–નાસ્તો કરી છૂટા પડ્યા હતા.

# 3. ડાયટનો ઇન્ટ્રોડક્શન (રૂપરેખા)

## 3.1 પ્રસ્તાવના :-

કોઈપણ રાષ્ટ્રના સંપૂર્ણ વિકાસ માટે તેના ત્રણ ક્ષેત્રો મહત્વના છે. આ ત્રણ ક્ષેત્રોમાં રાષ્ટ્ર જેટલું મજબુત તેટલો તે રાષ્ટ્રનો વિકાસ વધારે સારો આ ત્રણ ક્ષેત્રો છે. સલામતીક્ષેત્ર, સ્વાસ્થ્યક્ષેત્ર અને શિક્ષણક્ષેત્રે શિક્ષણએ માનવ વિકાસનું એક મહત્વનું અંગ છે. આપણા દેશની તમામ યોજનાઓમાં શિક્ષણને હંમેશા વધારેને વધારે મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. સંપૂર્ણરાષ્ટ્ર ને સાક્ષર બનાવવા માટે સરકારે પ્રાથમિક શિક્ષણને મફત ફરજીયાત અને સાર્વજનિક બનાવવાનો નિર્ણય કર્યો.

ભારતના શિક્ષણ વિકાસના ઇતિહાસમાં 1986 માં અમલમાં મૂકાયેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ એક નોંધપાત્ર પગલું છે. આ નીતિ દ્વારા રાષ્ટ્રે શિક્ષણના વિકાસની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરવા માટેની દિશાચિહ્નો દર્શાવ્યા. આ નીતિમાં મુખ્યત્વે બે બાબતોને ખાસ ભાર આપવામાં આવ્યો.



## 4 ડાયટ(જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન)ના હેતુઓ :-

ડાયટ (જિ. શિ. અને તા. ભવન)નું કેન્દ્રવર્તી ધ્યેય --પ્રારંભિક અને પ્રૌઢશિક્ષણનાં ક્ષેત્રમાં હાથ ધરાતા વિવિધ વ્યુહરચના અને કાર્યક્રમોની સફળતા માટે પાયાનાં સ્તરે શૈક્ષણિક અને સાધનરુપ સહાય પુરી પાડવી.--

આ હેતુનું પૃથ્થકરણ કરતાં નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

- ભવનનાં વ્યાપમાં પ્રારંભિક અને પ્રૌઢશિક્ષણનો સમાવેશ થાય છે.
- પ્રારંભિક શિક્ષણમાં સાર્વત્રિકરણ, સ્થાયીકરણ અને ગુણવત્તા ધરાવતા શિક્ષણ પર ભાર મૂકવામાં આવે છે. - શાળાકીય અન અશાલેય બંને પ્રકારનાં બાળકોનાં શિક્ષણ અંગે પણ વિચારવા દર્શાવાયું છે.
- નિરક્ષરતાનું નિવારણ થાય તે માટે 15 થી 35 વયજૂથમાં આવતી વ્યક્તિઓને રાષ્ટ્રીય સાક્ષરતા મિશન (NLM) માં આવરી લેવાનાં છે. આ કાર્યમાં તાલીમી ભવનોએ મહત્વપૂર્ણ કામગીરી કરવાની છે.
- રાજ્ય દ્વારા હાથ ધરાતા કાર્યક્રમોનો જિલ્લા કક્ષાએ અમલ કરવાનો છે. યોજનાનું અમલીકરણ, કાર્યન્વય તથા મૂલ્યાંકન એ તમામ બાબતોમાં ધ્યાન આપવાનું છે.
- અંતરિયાળ વિસ્તારની શાળાઓ, બાળકો, શિક્ષણકેન્દ્રો સાથે રહી તેમને વિવિધ સહાય પુરી પાડવાની રહે છે.
- તાલીમ ભવને આ માટે કેન્દ્રવર્તી શાખા તરીકે કાર્ય કરવાનું છે.
- જિ.શિ. અને તા. ભવનને ચોક્કસ કાર્યક્ષમ આયોજન, કામગીરીનો અમલ, સુસંવાદી અને સર્જનાત્મક સંસ્થાકીય વાતાવરણ, સ્વચ્છ અને આકર્ષક કેમ્પસનો નિભાવ, વગેરે રુપે એક આદર્શ પુરો પાડવાનો રહેશે.

## 5 ડાયટના કાર્યો :-

ડાયટના કાર્યો અંગે જોઇએ તો મુખ્યત્વે અનુમાન કક્ષા તેમૂજ નિરંતર કક્ષાએ તાલીમ, સાધન સહાય. માર્ગદર્શન સાધન સામગ્રી, સહાય, મૂલ્યાંકનનાં ઉપકરણો વગેરેનો વિકાસ અને ક્રિયાત્મક સંશોધન. વિગતવાર જોઇએ તો ....

- પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન તાલીમ કાર્યક્રમો હાથ ધરવા.
- પ્રા. શિક્ષકોની શૈ. અને વ્ય. સજ્જતાને વધારવા પ્રયત્નો કરવા.
- શૈક્ષણિક સંશોધનોનાં આધારે નવા પ્રવાહોથી શિક્ષકોને વાકેફ કરવા અને સજ્જ કરવા તાલીમી કાર્યક્રમો યોજવા.
- સિદ્ધિ સર્વેક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને સિદ્ધ કરેલ ક્ષમતા અને કચાશ રહી ગયેલ ક્ષમતાને ઓળખીને ઉપચારાત્મક કાર્ય હાથ ધરી - તે અંગે માર્ગદર્શન આપવું.
- તરંગ ઉલ્લાસ કાર્યક્રમ, શાળા તત્પરતા, બાળમેળા જેવા કાર્યક્રમો અંગે અને તેનાં અમલીકરણ અંગે માર્ગદર્શન આપવું.
- શૈ. સાધન સામગ્રી, સાહિત્ય સર્જન તથા દૃશ્ય-શ્રાવ્ય સાધન સામગ્રીનાં અસરકારક ઉપયોગ અંગે શિક્ષકોની સજ્જતા વધારતા કાર્યશિબિરોનું આયોજન હાથ ધરવું.
- શિક્ષણ નિરીક્ષકો, સી.આર.સી.કો-ઓર્ડિનેટર, આચાર્ય અને રીસોર્સ પર્સનને તાલીમ કાર્યક્રમ દ્વારા વધુ સજ્જ બતાવવા.
- ડાયેટની કામગીરીને વધુ સઘન બનાવવા યુનિવર્સિટી, શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્વાન શિક્ષકો, આચાર્યો અને સ્વૈચ્છીક સંસ્થાઓનાં શૈક્ષણિક વ્યક્તિઓ સાથે મળી સહીયારા પ્રયાસ હાથ ધરવા.
- ગણિત - વિજ્ઞાન વિષય સુધારણા માટેનાં કાર્યક્રમો યોજવા.
- જિલ્લા કક્ષાનાં વિજ્ઞાનમેળા, નેશનલ સાયન્સ સેમિનાર, અને રાજ્યકક્ષાનાં વિજ્ઞાન સંશોધન માટે પ્રેરવા.
- પ્રા. શિક્ષકોને ક્રિયાત્મક સંશોધન માટે પ્રેરવા.
- અભ્યાસક્રમ અને પાઠ્ય-પુસ્તક સુધારણા માટે પ્રયાસ કરવા.
- ડી.પી.ઈ.પી. અને સર્વશિક્ષા અભિયાન જેવી સંસ્થાઓ સાથે સહયોગમાં કામ કરવું.
- શારિરીક સ્વાસ્થ્ય, યોગ અને કલા શિક્ષણને ઉત્તેજન આપી આ ક્ષેત્રોમાં નિષ્ણાંત શિક્ષકોને સજ્જ કરવા.
- વિવિધ પ્રકારનાં પ્રકાશનો બહાર પાડવા.

## 6. ડાયટની શાખાઓ :-

ગુણવત્તા સુધારણા માટેનાં વિવિધ કાર્યક્રમોનું સુચારું અમલીકરણ થઇ શકે. તે માટે સમગ્ર કામગીરીને સાત શાખાઓમાં વહેંચવામાં આવેલ છે. જેનાં દ્વારા વિવિધ કામગીરીનું અમલીકરણ થાય છે.

### (1) પૂર્વ - સેવા શિક્ષક પ્રશિક્ષણ શાખા (P.S.T.E.) (Pre-service Teacher Education)

આ શાખા દ્વારા ધો. 12 પાસ વિદ્યાર્થીઓને પ્રાથમિક શિક્ષક માટેની પૂર્વસેવા તાલીમ આપવામાં આવે છે. ડાયેટ - ભુજ ખાતે પણ પ્રથમ અને દ્વિતીય બે વર્ષની તાલીમ આપવામાં આવે છે.

### (2) સેવાકાલીન - પ્રશિક્ષણ શાખા (I.F.I.C.) (In-service training programme, Field interaction, Innovation and Co-ordination)

પ્રાથમિક શિક્ષકોની વ્યવસાયિક તેમજ શૈક્ષણિક સજ્જતામાં વધારો થાય તે માટે વિવિધ સર્વેક્ષણો, ક્ષેત્રીય કાર્યનાં આધારે નાવિન્યપૂર્ણ કાર્યક્રમો અને તાલીમ વર્ગો યોજવામાં આવે છે.

### (3) આયોજન અને વ્યવસ્થાપન શાખા (P & M) (Planning and Management)

વિવિધ શાખાઓ દ્વારા થતાં કાર્યક્રમોનું આયોજન મેળવવું, તજજ્ઞોનો લાભ લેવો, તાલીમની જરુરિયાત જાણવી, જિલ્લાની વિવિધ પ્રકારની માહિતી મેળવવી અને તેનું અપગ્રેડેશન કરતાં રહેવું. અને માહિતી પુરી પાડવી જેવાં કાર્યો આ શાખા દ્વારા કરવામાં આવે છે.

### (4) કાર્યાનુભવ શાખા :- (W. E.) (Work Experience)

કાર્યાનુભવ અંગેનાં સેવાકાલીન કાર્યક્રમો હાથ ધરવા, અને વિદ્યાર્થીઓની સર્જનાત્મકતામાં વધારો થાય તેવા કાર્યક્રમો તૈયાર કરી અમલમાં મૂકવા. તેમજ પ્રા.શિક્ષણ ની અસરકારકતામાં કાર્યાનુભવની ઉપયોગીતા માટેનાં કાર્યક્રમો યોજવા.

### (5) અભ્યાસક્રમ, સાહિત્ય નિર્માણ તથા મૂલ્યાંકન શાખા (C.M.D.E.) (Curriculum, Material development and Evaluation)

સેવાકાલીન શિક્ષકોને માર્ગદર્શકરુપ એવા તાલીમી સાહિત્યનું નિર્માણ કરવું. પ્રા.શિક્ષણમાં મૂલ્યાંકન કાર્ય અંગેનું માર્ગદર્શન પુરું પાડવું. અને આ માટે વિવિધ તાલીમ વર્ગોનું આયોજન કરવું તે આ શાખાનું મુખ્ય કાર્ય છે.

### (6) શૈક્ષણિક પ્રૌદ્યોગિકી શાખા :- (ET.) (Educational Technology)


આધુનિક શિક્ષણમાં ઓડિયો વિડિયો જેવી શૈક્ષણિક સાધન - સામગ્રી, આધુનિક ઇલેક્ટ્રોનીક શૈક્ષણિક સાધનો જેવા કે, ટી.વી., વી.સી.આર., ટેપરેકર્ડર, કમ્પ્યુટર, સ્કેનર, સીડી, મલ્ટીમીડીયા, ઓવરહેડ પ્રોજેક્ટર, સીડી બેઇઝ સોફ્ટવેરની મદદથી શિક્ષણનાં એકમોને સરળ અને રસપ્રદ બનાવવા પ્રયત્નો કરવા.

### (7) જિલ્લા સંશાધન એકમ શાખા (DRU) (District Resource Units)

સ્વૈચ્છીક સંસ્થાઓની મદદથી અવૈધિક શિક્ષણ પ્રચાર - પ્રસાર માટે પ્રયત્નો કરવા. તેમાં એકસૂત્રતા લાવવી. નિરક્ષરતા નિવારણ અંગેનાં વિવિધ સંશોધનો એકઠા કરવા, નિરક્ષરોની સમસ્યાઓ જાણવી. શિક્ષણ કેન્દ્રો ખોલવાં, મૂલ્યાંકન કરવું, તાલીમ આપવી, વસ્તી શિક્ષણ, તારુણ્ય શિક્ષણ, બાળમેળા જેવા કાર્યક્રમો ચલાવવા.

# 7. ડાયટનો મહેકમ

| | | | |
|---|---|---|---|
| 1. | ડાયેટનું નામ | : | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન<br>મિડલ સ્કૂલ ગ્રાઉન્ડ,<br>એસ. ટી. સ્ટેન્ડ સામે, ભુજ - કચ્છ<br>ફોન : (02832) 252604, 221491<br>ફેક્સ : (02832) 221491<br>www.diet-kutch.org<br>dbhuj2046@gmail.com |
| 2. | ડાયેટ મંજુર થયાનાં<br>હુકમ - નંબર - તારીખ | : | શિ. વિ. નાં ઠરાવક્રમાંક<br>44 - 4 - 93, ટી. - 31 - 3 - 95 |
| 3. | ડાયેટ શરુ થયાનું વર્ષ | : | 1 - 2 - 1991 |
| 4. | મહેકમની વિગત | : | જુન- 2019 |
| 5. | સ્ટાફ લીસ્ટ | : | લિસ્ટ સામેલ છે. |



## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ-કચ્છ

### મંજુર, ભરાયેલ અને ખાલી જગ્યાની વિગતો દર્શાવતું પત્રક (તા.30-06-2019ની સ્થિતિએ)

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | મંજુર જગ્યાઓ | | | ભરાયેલ જગ્યાઓ | | | ખાલી જગ્યાઓ | | | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કાયમી | હંગામી | કુલ | કાયમી | હંગામી | કુલ | કાયમી | હંગામી | કુલ | |
| 1 | પ્રાચાર્ય | 67700-208700 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 2 | સિનિયર લેકચરર | 44900-142400 | 1 | 6 | 7 | 0 | 1 | 1 | 1 | 5 | 6 | -- |
| 3 | જુનિયર લેકચરર | 39900-126600 | 8 | 8 | 16 | 0 | 8 | 8 | 8 | 0 | 8 | -- |
| 4 | વિજ્ઞાન સલાહકાર | 35400-112400 | 0 | 1 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | -- |
| 5 | ટેકનિશીયન | 29200-92300 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | -- |
| 6 | લાયબ્રેરીયન | 25500-81100 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 7 | ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ(ઓડીટર ગ્રુપ – ૧) | 39900-126600 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 8 | મુખ્ય કારકુન (એકાઉન્ટ) | 35400-112400 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 9 | મુખ્ય કારકુન | 35400-112400 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 10 | સિનિયર કલાર્ક (આંકડા) | 25500-81100 | 0 | 1 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | -- |
| 11 | સિનિયર કલાર્ક | 25500-81100 | 0 | 2 | 2 | 0 | 2 | 2 | 0 | 0 | 0 | -- |
| 12 | જુનિયર કલાર્ક | 19900-63200 | 2 | 0 | 2 | 0 | 0 | 0 | 2 | 0 | 2 | -- |
| 13 | કોમ્પ્યુટર ઓપરેટર(ટાઈપીસ્ટ) | 19900-63200 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 14 | રેકટર | 19900-63200 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 15 | પટાવાળા | 15000-47600 | 3 | 0 | 3 | 3 | 0 | 3 | 0 | 0 | 0 | -- |
| 16 | વોચમેન | 15000-47600 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | -- |
| | કુલ સરવાળો | | 16 | 25 | 41 | 3 | 13 | 16 | 13 | 12 | 25 | -- |

# 8. ડાયટનું સ્ટાફ લીસ્ટ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ–કચ્છ

માહે 30 જૂન 2019 ની સ્થિતિનું શૈક્ષણિક કર્મચારીનું સ્ટાફ લીસ્ટ

| ક્રમ | અધિકારી કર્મચારીનું નામ. | હોદ્દો | પગાર ધોરણ | શાખા | લાયકાત | જન્મ તારીખ | ખાતામાં દાખલ તારીખ | હાલની સંસ્થામાં દાખલ તારીખ | જાતિ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | શ્રી એચ. ટી. ગોર | ઈ. પ્રાચાર્ય | 44900-142400 | Science-Maths | M.Sc.,B.Ed. | 31-12-1962 | 19-07-1983 | 11-07-1989 | Gen. | |
| 2 | ડૉ. દક્ષા જી. મહેતા | સિનીયર લેકચરર | 44900-142400 | IFIC | M.A.,M.Ed.,Ph.D., M.Phil. | 15-06-1974 | 18-01-2011 | 18-01-2011 | Gen. | |
| 3 | શ્રીમતી જે. બી. સોરઠીયા | લેકચરર | 44900-142400 | PSTE | M.A.,M.Ed. | 22-02-1963 | 04-03-1997 | 04-03-1997 | SEBC | |
| 4 | શ્રી એસ. આર. યાદવ | લેકચરર | 39900-126600 | PSTE | M.A.,M.Ed., M.Phil | 11-06-1978 | 26-11-2010 | 26-11-2010 | Gen. | |
| 5 | કુ. આર. એચ. પરમાર | લેકચરર | 39900-126600 | PSTE | M.Com.,M.Ed., M.Phil. | 04-06-1980 | 19-01-2011 | 19-01-2011 | SC | |
| 6 | શ્રી રીઝવાન એચ.રાજા | લેકચરર | 39900-126600 | PSTE | M.Phil.,M.Ed., Ph.D. | 12-02-1979 | 03-08-2011 | 03-08-2011 | SEBC | |
| 7 | શ્રી એસ. પી. ઠાકર | લેકચરર | 44900-142400 | DRU | M.A.,B.Ed. | 18-07-1965 | 21-08-1998 | 21-08-1998 | Gen. | |
| 8 | શ્રી એ. પી. સુથાર | લેકચરર | 39900-126600 | WE | M.Sc.,M.Ed., M.Phil. | 26-05-1979 | 24-01-2011 | 24-01-2011 | SEBC | |
| 9 | ડૉ. રક્ષા એચ. ઉપાધ્યાય | લેકચરર | 39900-126600 | ET | M.Sc.,M.Ed., Ph.D., M.Phil. | 15-12-1979 | 19-01-2011 | 19-01-2011 | Gen. | |
| 10 | ડૉ. બી. આર . પટેલ | લેકચરર | 39900-126600 | IFIC | M.Com.,M.Ed., M.Phil.,Ph.D. | 20-12-1979 | 22-11-2010 | 25-10-2017 | Gen. | |

# 8. ડાયટનું સ્ટાફ લીસ્ટ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ–કચ્છ

માહે 30 જૂન 2019 ની સ્થિતિનું બિન શૈક્ષણિક(વહીવટી) કર્મચારીનું સ્ટાફ લીસ્ટ

| ક્રમ | અધિકારી કર્મચારીનું નામ. | હોદ્દો | પગાર ધોરણ | શાખા | લાયકાત | જન્મ તારીખ | ખાતામાં દાખલ તારીખ | હાલની સંસ્થામાં દાખલ તારીખ | જાતિ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | શ્રી બી. એચ. ગોર | સિનીયર કારકુન | 25500-81100 | Administration | B.A.,L.L.B. | 23-11-1969 | 02-12-1989 | 14-02-2017 | Gen. | |
| 2 | શ્રી ઓ. ડી. કુંભાર | સિનીયર કારકુન | 25500-81100 | Administration | SSC | 05-07-1967 | 28-11-1988 | 29-01-2019 | SEBC | |
| 3 | શ્રીમતી કે. પી. પટેલ | સિનીયર કારકુન | 19950 Fix | Administration | M.Sc.,B.Ed. | 12-01-1993 | 20-04-2018 | 20-04-2018 | Gen. | |
| 4 | શ્રીમતી ડી. એમ. દવે | કમ્પ્યુટર ઓપરેટર | 8300 Fix (Out Source) | Administration | B.A. | 20-11-1988 | 01-09-2017 | 01-09-2017 | SEBC | Out Source પર નિમણુંક છે. |
| 5 | શ્રી કે. પી. યાદવ | પટાવાળા | 15700-50000 | - | Std.7 | 30-03-1966 | 03-05-1988 | 06-07-2002 | Gen. | |
| 6 | શ્રી જે. એ. સુમરા | પટાવાળા | 15000-47600 | - | Std.9 | 08-09-1976 | 12-12-1997 | 22-03-1999 | SEBC | |
| 7 | શ્રી ડી. બી. ધૂઆ | પટાવાળા | 15700-50000 | - | Std.7 | 14-04-1966 | 04-02-1990 | 27/07/2010 | Gen. | |
| 8 | શ્રી એચ. જે. ડુડીયા | ચોકીદાર | 5000 Fix (Out Source) | - | Std.8 | 25-01-1967 | 19-12-2010 | 19-12-2010 | Gen. | Out Source પર નિમણુંક છે. |
| 9 | શ્રી ચુનિલાલ મેઘજી ડોરુ | ડ્રાઈવર | 5000 Fix (Out Source) | - | Std.8 | 12-02-1981 | 01-01-2017 | 01-01-2017 | SC | Out Source પર નિમણુંક છે. |

# 9. ડાયટનું અન્ય સંસ્થાઓ સાથેનું સંકલન

(ક) આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ :- UNICEF

(ખ) રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ :-

- (i) NCERT - ન્યુ દિલ્હી
- (ii) NUEPA - ન્યુ દિલ્હી
- (iii) NCTE - ન્યુ દિલ્હી
- (iv) CCRT - ન્યુ દિલ્હી

(ગ) રાજ્યકક્ષાની સંસ્થાઓ :-

- (i) GCERT - ગાંધીનગર
- (ii) GIET - અમદાવાદ
- (iii) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી - ગાંધીનગર
- (iv) S.S.A.M. -ગાંધીનગર
- (v) નિરંતર શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- (vi) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

(ય) જિલ્લાકક્ષાની સંસ્થાઓ

- (i) જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ - ભુજ
- (ii) સર્વ શિક્ષા અભિયાન મિશન, કચ્છ
- (iii) નગરપાલિકા શિક્ષણ સમિતિ - અંજાર
- (iv) એસ.ડી. શેઠીયા, કોલેજ ઓફ એજ્યુકેશન - મુન્દ્રા
- (v) ડી.આર.ડી.એ. - ભુજ
- (vi) પ્રી.પી.ટી.સી. કોલેજ - મુન્દ્રા
- (vii) બુનિયાદી અધ્યાપન મંદિર - મુન્દ્રા
- (viii) મા આશાપુરા મહિલા પી.ટી.સી. કોલેજ, ભુજ
- (ix) જમીયતે ઉલેમાએ - હિન્દ પી.ટી.સી. કોલેજ, અંજાર
- (x) શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી

(ચ) તાલીમી સંસ્થાઓ :- I.A.S.E. ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ

# 10. ડાયટનો લેબ એરિયા

જિલ્લાની શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા પ્રાથમિક શિક્ષણમાં નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તા સભર પ્રાથમિક શિક્ષણ મેળવે તેમજ પ્રાથમિક શિક્ષણમાં સાર્વત્રિકરણનો ધ્યેય સિદ્ધ થાય છે. એ દરેક તાલીમનો મુખ્ય હેતુ રહેલો છે. તાલીમ ભવનમાં પી.ટી.સી. જે પ્રથમ લેબ એરિયા તરીકે છે. પરંતુ કચ્છનાં કેટલાક ગામોમાં હજુપણ કન્યા કેળવણીનું પ્રમાણ ઓછું છે તેવા ગામો ભુજ તાલુકાના બન્ની વિસ્તાર, સાક્ષરતાનો દર નીચો હોય તેવા ત્રણ તાલુકા - રાપર, ભચાઉ અને લખપત તાલુકો

- વર્ષ - 2018-19 નાં સિદ્ધિમાપન કસોટીનાં પરિણામ ઉપરથી પાંચ તાલુકા રાપર, ભચાઉ, લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકામાં પ્રાથમિક શિક્ષણમાં નામાંકન, સ્થાયીકરણની સાથે સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ બાળકો મેળવે એ માટે તાલીમભવન દ્વારા જુદા - જુદા કાર્યક્રમો, તાલીમવર્ગો યોજી શિક્ષણની ગુણવત્તા માટે પ્રયાસ કરવામાં આવશે.
- બિનકચ્છી પ્રાથમિક શિક્ષકોને કચ્છી બોલીની તાલીમ જ્યાં વધુ કચ્છી બોલી બોલાતી હોય એવા ગામનાં શિક્ષકોને સમયાંતરે તાલીમ આપવી.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ અંતર્ગત વર્ષ દરમિયાન થતાં અનેકવિધ શૈક્ષણિક તાલીમી તથા અન્ય કાર્યક્રમો મુખ્યત્વે જિલ્લાના શૈક્ષણિક સ્તર, સિદ્ધિ, જરુરીયાત, ખાસ લક્ષ્યજૂથ, ફોકસ એરિયા જેવી બાબતોને ધ્યાનમાં રાખીને આયોજીત કરવામાં આવે છે. આમ, ભવન દ્વારા વર્ષ દરમ્યાન યોજાતા કાર્યક્રમોને મુખ્યત્વે નીચેની ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને આયોજીત કરવામાં આવે છે.

1. જરુરીયાત આધારિત તાલીમ કાર્યક્રમો (નીડ બેઇઝ)
2. સંશોધન આધારિત તાલીમ કાર્યક્રમો (રિસર્ચ બેઇઝ)
3. ખાસ વિસ્તાર આધારિત તાલીમ કાર્યક્રમો (એરિયા બેઇઝ)

નીડ બેઇઝ તાલીમ કાર્યક્રમોમાં જિલ્લાના દસ તાલુકાના પ્રા.શિક્ષકોની વિષયવસ્તુ સજ્જતા, કમ્પ્યુટર સજ્જતા, સ્ક્રીપ્ટ રાઇટીંગ, શાંતવાંચન વિગેરે તથા નામાંકન, 100 ટકા સ્થાયીકરણ, અને ગુણવત્તાલક્ષી શિક્ષણ માટેના કાર્યક્રમોને ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવે છે.

રિસર્ચ બેઇઝ લેબ એરિયામાં જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા ડાયટ મારફત લેવામાં આવતી સિદ્ધિ કસોટીઓ માટે પસંદિત શાળાઓનો સમાવેશ થાય છે. દરવર્ષે ભવનના વ્યાખ્યાતાઓ દ્વારા તથા જિલ્લાની વિવિધ પ્રા.શાળાઓના શિક્ષકો દ્વારા જુદા જુદા વિષયો આધારિત સંશોધનો કરવામાં આવે છે ; જેના તારણોના આધારે તેના અનુકાર્યરુપે જે તારણો મળે તે આધારિત તાલીમ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.

એરિયા બેઇઝ લેબએરિયામાં સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમમાં કચ્છ જિલ્લા અંતર્ગત કરવાની થતી આ પ્રકારની તમામ તાલીમોને એરિયા બેઇઝ લેબએરિયામાં આવરી લઇને આયોજન કરવામાં આવે છે.

ચાલુ વર્ષ 2019-20 દરમિયાન જિ.શિ. અને તાલીમ ભવન, ભુજ દ્વારા જિલ્લાના સરહદી તાલુકા એવા લખપત તાલુકાને લેબ એરિયા (પ્રિય તાલુકા) તરીકે પંસદ કરી ભવનના મોટા ભાગના ગુણવત્તા સુધારલક્ષી, તાલીમ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ આ તાલુકામાં ગોઠવવાનું આયોજન કરવામાં આવેલ છે. સાથે સાથે ડાયટ ભુજ શહેરના વિસ્તારમાં આવેલ છે. જેથી, ભુજના શહેરી વિસ્તારમાં ડાયટ દ્વારા પોતાના કેટલાક તાલીમ કાર્યક્રમો લેબ એરિયાને ધ્યાનમાં રાખી મૂકવામાં આવેલ છે.

# 11. ડાયટમાં વિવિધ સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો

## ડાયટમાં થયેલ શૈક્ષણિક સંશોધનો

| ક્રમ | સંશોધકનું નામ અને શાખા | સંશોધનનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | અપેક્ષિત ફલશ્રુતિ |
|---|---|---|---|---|---|
| 1 | ડૉ. બિન્દુ આર. પટેલ<br>IFIC શાખા | GAS (ગુજરાત એચીવમેન્ટ સર્વે) અંતર્ગત ભુજ-કચ્છ જિલ્લાના ધો. 4, 6 અને 7 ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું સર્વેક્ષણ | * કચ્છ જિલ્લાની શાળાઓના ધો. 4,6 અને 7 ના વિદ્યાર્થીઓની વિષયવાર, જાતિવાર અને વિસ્તાર આધારિત શૈક્ષણિક સિદ્ધિ તપાસવી.<br>* જિલ્લા અને તાલુકા કક્ષાએ ધોરણ અને વિષયવાર કઠિન કલમો જાણવી. | કચ્છ જિલ્લાની પ્રા.શાળાના ધો. 4, 6 અને 7 ના વિદ્યાર્થીઓ | * ધો. 4, 6 અને 7 ના વિદ્યાર્થીઓની વિષયવાર શૈક્ષણિક સિદ્ધિ જાણી શકાશે.<br>* જિલ્લા અને તાલુકાવાર ધોરણ અને વિષયવાર કઠિન કલમનો પ્રાપ્ત થશે. |
| 2 | ડૉ. બિન્દુ આર. પટેલ<br>IFIC શાખા<br>ડૉ. રીઝવાન એચ. રાજા<br>PSTE શાખા | ધો. 5 પર્યાવરણ વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક 506 ના અધ્યાપનના સંદર્ભમાં સરળીકૃત શૈ.કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા | * ધો. 5 પર્યાવરણ 605 અધ્યયન નિષ્પતિ અન્વયે સરળીકૃત કાર્યક્રમની સંરચના અને અજમાયશ કરવી.<br>* સરળીકૃત શૈ.કાર્યક્રમની અસરકારકતા જાતિ આધારિત ચકાસવી. | પાટવાડી પ્રા.શાળા નં. 1 ના ધો. 5 ના વિદ્યાર્થીઓ | * સરળીકૃત શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા અધ્યાપન કરવાથી વર્ગખંડ શિક્ષણ કાર્યમાં નવીનતા લાવી શકાય છે તેમજ અસરકારક રીતે શીખવી શકાય છે.<br>*શૈ.કાર્યક્રમ દ્વારા અધ્યાપન કરવાથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને રસ જાગૃત કરી વધુ સક્રિય બનાવી શકાય છે. |
| 3 | ડૉ. બિન્દુ આર. પટેલ<br>IFIC શાખા | ભુજ તાલુકાની દહીંસરા કન્યા પ્રાથમિક શાળાનો વ્યકિત અભ્યાસ | * દહીંસરા કન્યા પ્રા.શાળાનો વ્યકિત અભ્યાસ કરવો.<br>* વ્યક્તિ અભ્યાસ અન્વયે શાળાની જરૂરી શૈક્ષણિક અને સહ શૈક્ષણિક માહિતી મેળવવી. | દહીંસરા કન્યા પ્રા. શાળા | * દહીંસરા કન્યા પ્રા.શાળાની તમામ માહિતીથી શૈક્ષણિક અધિકારીશ્રીઓ વાકેફ થઈ શકશે.<br>* શાળા કક્ષાએ જરૂરી વિકાસ સંદર્ભે કાર્ય હાથ ધરી શકાશે. |
| 4 | ડૉ. રક્ષા એચ. ઉપાધ્યાય<br>ET શાખા | અંજાર તાલુકાની મિત્ર શાળાઓનો વ્યક્તિ અભ્યાસ | * મિત્ર શાળાઓનો વ્યક્તિ અભ્યાસ કરવો. | અંજાર તાલુકાની બંને મિત્ર શાળાઓ | * અંજાર તાલુકાની બંને શાળાઓમાં સરકારી યોજનાઓ અને સરકારી કાર્યક્રમો યોજવામાં આવે છે. |

| ક્રમ | સંશોધકનું નામ અને શાખા | સંશોધનનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | અપેક્ષિત ફલશ્રુતિ |
|---|---|---|---|---|---|
| 5 | ડૉ. રક્ષા એચ. ઉપાધ્યાય<br>ET શાખા<br>શ્રી એચ.ટી. ગોર<br>પ્રાચાર્ય<br>વિજ્ઞાન ગણિત એકમ | ધો. 5 ના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક : 515 ના અધ્યાપનના સંદર્ભમાં રમતમાર્ગીય શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા | * ધો. 5 ના ગણિત વિષયની અધ્યયન નિષ્પતિ - 515 ના અધ્યાપનના સંદર્ભમાં રમતમાર્ગીય શૈ. કાર્યક્રમની સંરચના કરવી અને તેની અજમાયશ કરવી. | ધોરણ-5 ના વિદ્યાર્થીઓ | * રમતમાર્ગીય અભિગમ દ્વારા અધ્યાપન કરાવવામાં આવે તો શૈક્ષણિક સિદ્ધિ ઊંચી લાવી શકાય છે. |
| 6 | સુનિલ આર. યાદવ<br>PSTE શાખા<br>ડૉ. દક્ષાબેન જી. મહેતા<br>IFIC શાખા | ધો. 5 ના ગુજરાતી વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ GUJARAT - 508 ના અધ્યાપનના સંદર્ભમાં સરળીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા | * ધો. 5 ના ગણિત વિષયની અધ્યયન નિષ્પતિ - 508 ના અધ્યાપનના સંદર્ભમાં સરળીકૃત શૈ. કાર્યક્રમની સંરચના કરવી અને તેની અજમાયશ કરવી. | ધોરણ-5 ના વિદ્યાર્થીઓ | સરળીકૃત શૈક્ષણિક કાર્યક્રમની મદદથી અધ્યાપન કરાવવામાં આવે તો શૈક્ષણિક સિદ્ધિ ઊંચી લાવી શકાય છે. |
| 7 | સુનિલ આર. યાદવ<br>PSTE શાખા | અંજાર તાલુકાની મિત્ર શાળાઓનો વ્યક્તિ અભ્યાસ | મિત્ર શાળાઓનો વ્યક્તિ અભ્યાસ કરવો. | અંજાર તાલુકાની બંને મિત્ર શાળાઓ | અંજાર તાલુકાની બંને શાળાઓમાં સરકારી યોજનાઓ અને સરકારી કાર્યક્રમો યોજવામાં આવે છે. |
| 8 | સંજય પી. ઠાકર<br>DRU શાખા | મુન્દ્રા તાલુકાની આર.ડી. પ્રા. શાળાનો વ્યકિત અભ્યાસ | * આર.ડી. પ્રા.શાળા, મુન્દ્રાનો વ્યકિત અભ્યાસ કરવો. | આર. ડી. પ્રાથમિક શાળા, મુન્દ્રા | * આર. ડી. પ્રા.શાળાની તમામ માહિતીથી શૈક્ષણિક અધિકારીઓ વાકેફ થઇ શકશે.<br>* શાળા મૂલ્યાંકન થઇ શકશે.<br>* શાળા કક્ષાએ જરૂરી વિકાસ અને અન્ય કાર્યો હાથ ધરી શકાશે. |
| 9 | અશ્વિન પી. સુથાર<br>WE શાખા<br>સંજય પી. ઠાકર<br>DRU શાખા | ધો. 8 ના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક - 706 ના અધ્યાપનના સંદર્ભમાં સરળીકૃત શૈ. કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા | * ધો. 8 ના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક 706 ના અધ્યાપનના સંદર્ભમાં 'ઘાત અને ઘાતાંક' એકમ માટે સરળીકૃત શૈ. કાર્યક્રમની સંરચના કરવી. | ધોરણ-8 ના વિદ્યાર્થીઓ | * સરળીકૃત શૈક્ષણિક કાર્યક્રમની મદદથી અધ્યાપન કરાવવાથી શૈક્ષણિક સિદ્ધિ ઊંચી લાવી શકાય છે. |
| 10 | અશ્વિન પી. સુથાર<br>WE શાખા | કચ્છ જિલ્લાના લખપત તાલુકાની મિત્ર શાળાઓનો વ્યકિત અભ્યાસ | * લખપત તાલુકાની મિત્ર શાળાઓનો વ્યક્તિ અભ્યાસ કરવો. | લખપત તાલુકાની બે મિત્ર શાળાઓ | * લખપત તાલુકાની બંને મિત્ર શાળાઓની તમામ માહિતીથી શૈક્ષણિક અધિકારીઓ વાકેફ થઇ શકશે.<br>* લખપત તાલુકાની બંને મિત્ર શાળાઓમાં જરૂરી વિકાસ અને અન્ય કાર્યો હાથ ધરી શકાશે. |

| ક્રમ | સંશોધકનું નામ અને શાખા | સંશોધનનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | અપેક્ષિત ફલશ્રુતિ |
|---|---|---|---|---|---|
| 11 | ડૉ. દક્ષાબેન જી. મહેતા<br>IFIC શાખા | આઠમાં ધોરણના સંસ્કૃતના પાઠ્ય પુસ્તકની વાચ્યતાનો અભ્યાસ | * આઠમા ધોરણના સંસ્કૃતના પાઠ્ય પુસ્તકની વાચ્યતા ક્લોઝ કસોટી દ્વારા અને ફાય આલેખ દ્વારા તપાસવી.<br>* ક્લોઝ કસોટીની રચના કરવી. | ભુજ તાલુકાની 8 પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ | * સંસ્કૃત વિષયના પાઠ્ય પુસ્તકની વાચ્યતા ધોરણને અનુરૂપ છે કે નહિ તે જાણવાથી તેમાં ઈચ્છિત પરિવર્તનનો અવકાશ રહેશે.<br>* ધો. 8 સંસ્કૃત પા.પુ. કક્ષા કરતાં કઠિન જણાયું હતું. |
| 12 | રંજનબેન એચ. પરમાર<br>જ્યોતિબેન વી. સોરઠીયા<br>PSTE શાખા | ધો. 3 ના પર્યાવરણ વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક 310 ના અધ્યાપનના સંદર્ભમાં સરળીકૃત કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા | ધો. 3 ના પર્યાવરણ વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ ક્રમાંક 310 ના અધ્યાપનના સંદર્ભમાં 'ખાધા વિના ન ચાલે' એકમ માટે સરળીકૃત કાર્યક્રમની સંરચના કરવી. | ધોરણ-3 ના વિદ્યાર્થીઓ | ધો. 3 ના પર્યાવરણ વિષયના 'ખાધા વિના ન ચાલે' એકમ માટે રમત દ્વારા શિક્ષણ પદ્ધતિ વધારે અસરકારક હતી. |
| 13 | રંજનબેન એચ. પરમાર<br>PSTE શાખા | ભુજ તાલુકાની મિત્ર શાળાઓનો વ્યક્તિ અભ્યાસ | * કોલીવાસ પ્રા. શાળા તથા અકલીવાંઢ પ્રા. શાળાના સ્થાપનાના હેતુનો અભ્યાસ કરવો.<br>* બંને પ્રા. શાળાની ભૌતિક સુવિધાઓનો અભ્યાસ કરવો. | ભુજ તાલુકાની બે પ્રાથમિક શાળા | * ભુજ તાલુકાની બંને પ્રા. શાળાઓની સ્થાપના પાછળના હેતુઓ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ અને 6 થી 14 વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પુરું પાડવાનો છે. |
| 14 | જ્યોતિબેન વી. સોરઠીયા<br>PSTE શાખા | અંજાર તાલુકાની મિત્ર શાળાઓનો વ્યક્તિ અભ્યાસ | * અંજાર નગર પ્રા. શાળા નં. 13 તથા વાડા પ્રા. શાળાના હેતુઓનો અભ્યાસ કરવો.<br>* બંન્ને મિત્ર શાળાઓની વિશિષ્ટ પ્રવૃત્તિ અને કાર્યોનો અભ્યાસ કરવો. | અંજાર તાલુકાની બે પ્રાથમિક શાળા | * અંજાર તાલુકાની બંને પ્રા. શાળાની સ્થાપના પાછળના હેતુઓ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ અને 6 થી 14 વર્ષની ઉંમરના બાળકોને શાળામાં પ્રવેશ આપી, મફત, ફરજીયાત, પ્રાથમિક શિક્ષણ આપવું એ હતા. |
| 15 | ડૉ. રીઝવાન એચ. રાજા<br>PSTE શાખા | ભુજ તાલુકાની મિત્ર શાળાઓનો વ્યક્તિ અભ્યાસ | * ભુજ નગર પ્રા. શાળા જુનશવાંઢ<br>* બંને મિત્ર શાળાઓની વિશિષ્ટ પ્રવૃત્તિ અને કાર્યોનો અભ્યાસ કરવો. | ભુજ તાલુકાની બે પ્રાથમિક શાળા | * ભુજ તાલુકાની બંને પ્રા. શાળાની સ્થાપના પાછળના હેતુઓ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ અને 6 થી 14 વર્ષની ઉંમરના બાળકોને શાળામાં પ્રવેશ આપી, મફત, ફરજીયાત, પ્રાથમિક શિક્ષણ આપવું એ હતા. |

# ડાયટમાં વિવિધ સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો

# In-Service સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો

## NCERT આધારિત નવા પાઠ્યપુસ્તકોની ધોરણ : 1 અને 2 પ્રજ્ઞા તાલીમ

IFIC શાખા અંતર્ગત તારીખ : 10 થી 13 એપ્રિલ 2018 દિન : 04 માટે ધોરણ : 1 અને 2 પ્રજ્ઞા તાલીમ વર્ગ : 1 અને 2 એમ કુલ બે વર્ગોનું આયોજન કરેલ હતું. ધોરણ : 1 અને 2 પ્રજ્ઞા તાલીમનો હેતુ પ્રજ્ઞા અભિગમથી પરિચિત કરવાનો હતો. ધોરણ : 1 અને 2 પ્રજ્ઞા તાલીમ વર્ગ : 1 માં 56 તાલીમાર્થી શિક્ષકો અને ધોરણ : 1 અને 2 પ્રજ્ઞા તાલીમ વર્ગ : 2 માં પણ 56 તાલીમાર્થી શિક્ષકોએ ભાગ લીધો હતો.

## બાળમેળા, લાઈફ સ્કીલ મેળા અને ઈકો કલબ પ્રવૃત્તિના આયોજનની બેઠક

WE શાખા અંતર્ગત તા. 04/05/2018 ના દિને બાળમેળા, લાઈફ સ્કીલ મેળા અને ઈકો ક્લબ પ્રવૃત્તિના આયોજનની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને બી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રીઓ તથા ડાયટ ભુજનો સ્ટાફ મળીને 21 મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં શાળા કક્ષાએ બાળમેળા, લાઈફ સ્કીલ મેળા અને ઈકોકલબ પ્રવૃત્તિનું શાળા પ્રવેશોત્સવ દરમિયાન આયોજન કરવા જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

## સંકલન સમિતિની બેઠક

IFIC શાખા અંતર્ગત તારીખ : 04/05/2018 ના રોજ સંકલન સમિતિની બેઠક યોજવામાં આવી હતી. સંકલન સમિતિની બેઠકનો હેતુ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ (કચ્છ) ના આગામી કાર્યક્રમોની ચર્ચાનો હતો. આ બેઠકમાં ડીપીઈઓશ્રી, ટીપીઈઓશ્રી તમામ, બી.આર.સી.કો. શ્રી તમામને બોલાવેલ હતા. જેમાંથી 23 કર્મચારી મિત્રોએ હાજરી આપી હતી.

## NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત

## ધોરણ 6 થી 8 ગણિત-વિજ્ઞાન અને ટેકનોલોજીની એમ.ટી. તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા ડાયટ ભુજ ખાતે તા.16/5/2019 થી તા. 19/5/2019 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકાના ધોરણ 6 થી 8 ગણિત-વિજ્ઞાનના માસ્ટર ટ્રેનર શિક્ષકો માટે NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 6 થી 8 ગણિત-વિજ્ઞાનની એમ.ટી. તાલીમનો એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ તાલીમમાં કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી ધોરણ 6 થી

8 ગણિતના 37 માસ્ટર ટ્રેનર શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં NCERT ના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 6 થી 8 ના ગણિત-વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ, મેથોડોલોજી, પ્રવૃત્તિઓ અને અધ્યયન નિષ્પતિઓની સમજ વિકસાવવામાં આવી હતી. અને આ નિષ્પતિઓને અનુરૂપ વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

## NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત
## ધોરણ ૩ પર્યાવરણ અને ધોરણ ૩ થી પ ગણિતની એમ.ટી. તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજની IFIC શાખા દ્વારા ડાયટ ભુજ ખાતે તા.21/5/2018 થી તા.24/5/2019 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકાના ધોરણ 3 ના પર્યાવરણ અને ધોરણ 3 થી 5 ગણિતની માસ્ટર ટ્રેનર શિક્ષકો માટે NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 3 પર્યાવરણ અને ધોરણ 3 થી 5 ગણિતની એમ.ટી. તાલીમનો એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ તાલીમમાં કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી 48 માસ્ટર ટ્રેનર શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 3 પર્યાવરણઅને ધો. 3 થી 5 ગણિતના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ, મેથોડોલોજી, પ્રવૃત્તિઓ અને અધ્યયન નિષ્પતિઓની સમજ વિકસાવવામાં આવી હતી તથા આ અધ્યયન નિષ્પતિઓને અનુરૂપ વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

## વસતિ - તારુણ્ય શિક્ષણ તાલીમ

ઉચ્ચત્તર પ્રાથમિક શાળામાં ધો. 6 થી 8 માં કામ કરતા શિક્ષકો માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ ખાતે તા.4/7/2018 થી તા.6/7/2018 એમ ત્રણ દિવસ તાલીમ યોજવામાં આવી હતી. તાલીમમાં વસતિ સભાનતા, વસતિ સ્થિતિ, તારુણ્ય શિક્ષણ, સ્ત્રી સશકિતકરણ, એચઆઈવી એઈડસ અને વ્યસનમુક્તિ જેવા મુદ્દાઓને સાંકળી લઈ ચર્ચા, કથન, નિદર્શન, જૂથકાર્ય અને નાટ્યીકરણ પદ્ધતિ દ્વારા વિષયવસ્તુને ન્યાય અપાયો હતો. વસતિ / તારુણ્ય શિક્ષણને લગતી વિડિયો ક્લીપ્સ દર્શાવવામાં આવી હતી અને તે સંદર્ભેનું વિશેષ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વર્ગસંચાલક તરીકે ડીઆરયુ શાખાના વ્યાખ્યાતા સંજય પી. ઠાકરે કામગીરી સંભાળી હતી. તજજ્ઞ તરીકે મદનકુમાર ઠક્કર, ધ્રુવકુમાર શુકલ અને ઉષ્માબેન શુકલએ કામગીરી કરી હતી. તાલીમાર્થીઓની સંખ્યા 42 રહી હતી.

## નવનિયુકત વિદ્યાસહાયક તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા તા.5/6/2018 થી તા.9/6/2018 દરમિયાન મુન્દ્રા તાલુકાના નવનિયુક્ત વિદ્યા સહાયકો માટે પાંચ દિવસીય પાંચ વર્ગનું આયોજન તાલુકા શાળા

મુન્દ્રા ખાતે કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં મુન્દ્રા તાલુકાના મળીને કુલ 199 નવનિયુક્ત વિદ્યાસહાયકો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં નવનિયુક્ત વિદ્યાસહાયક માટે ઉપયોગી એવા શિક્ષણ નૂતન પ્રવાહોના વિવિધ મુદ્દાઓની સમજ વિકસાવવામાં આવી હતી. આ તાલીમમાં DRU શાખાના લેકચરર શ્રી એસ.પી. ઠાકરે વર્ગ સંચાલક તરીકે ફરજ બજાવી હતી.

## બ્લોગ નિર્માણ વર્કશોપ

ET શાખા અંતર્ગત તારીખ : 11, 12 જુલાઇ 2018 દિન – 2 માટે બ્લોગ નિર્માણ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. બ્લોગ નિર્માણ વર્કશોપનો હેતુ પ્રાથમિક શાળાના મુખ્યશિક્ષક પોતાની શાળાના બ્લોગ તૈયાર કરવા અંગેનું માર્ગદર્શન મેળવે અને પ્રાથમિક શાળાના મુખ્યશિક્ષક પોતાની શાળાના બ્લોગ તૈયાર કરે એવો હતો. આ વર્કશોપમાં 44 શિક્ષક મિત્રોએ હાજરી આપી હતી. આ તાલીમવર્ગનો ખર્ચ સેવાકાલીન ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યો હતો.

## સાંસ્કૃતિક ધરોહર અને તેની જાળવણીની તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ ખાતે તા.14/9/2018 થી તા.15/9/2018 દરમિયાન સાંસ્કૃતિક ધરોહર અને તેની જાળવણીની તાલીમનો દ્વિદિવસીય એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ તાલીમમાં 47 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં સંસ્કૃતિની સંકલ્પના, સંસ્કૃતિની લઘુકથા, સાંસ્કૃતિક ધરોહર (સાંસ્કૃતિક વારસો), સાંસ્કૃતિક ધરોહરની મુલાકાત, સાંસ્કૃતિક ધરોહર પર આધારિત વીડિયો ક્લીપ્સ, સાંસ્કૃતિક, ધરોહરની જાળવણી પર આધારિત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને સાંસ્કૃતિક ધરોહરની જાળવણી કઈ રીતે કરવી? વગેરે જેવી બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ સમગ્ર આયોજન ડાયેટ–ભુજની WE શાખા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ICT ના ઉપયોગો સંદર્ભે તાલીમ

ET શાખા અંતર્ગત તારીખ : 08 ઓક્ટોબર 2018 દિન : 01 માટે ICT ના ઉપયોગો સંદર્ભે તાલીમ યોજવામાં આવી હતી. ICT ના ઉપયોગો સંદર્ભે તાલીમનો હેતુ ટેકનોલોજી સંબંધિત શૈક્ષણિક સોફ્ટવેર્સની સમજ અને નિદર્શન કરવું એવો હતો. આ વર્કશોપમાં 28 શિક્ષક મિત્રોએ હાજરી આપી હતી. આ તાલીમવર્ગનો ખર્ચ સેવાકાલીન ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યો હતો.

## EDN સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો :

### EDN - 12 અંતર્ગત થયેલ કાર્યક્રમ

### વિજ્ઞાન શિક્ષકો માટે વિજ્ઞાન ગણિત મંડળ અને વિજ્ઞાન/ગણિત લેબ નિર્માણ વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજના ગણિત વિજ્ઞાન એકમ દ્વારા ડાયટ ભુજ ખાતે તા.25/06/18 થી તા. 27/06/18 દરમિયાન પ્રાથમિક શાળાના શિક્ષકો માટે વિજ્ઞાન મંડળ અને વિજ્ઞાન - ગણિત લેબ નિર્માણ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં 53 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં શિક્ષકોને વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ અંતર્ગત જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

### ટેકનોસેવી ટીચર્સ શેરીંગ વર્કશોપ

ET શાખા અંતર્ગત તારીખ : 02, 03 જુલાઇ 2018 દિન : 02 માટે ટેક્નોસેવી ટીચર્સ શેરીંગ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. ટેકનોસેવી ટીચર્સ શેરીંગ વર્કશોપનો હેતુ ટેકનોલોજી સંબંધિત પ્રવૃત્તિઓનું નિદર્શન કરાવવું અને શેરીંગ કરવું તેમજ ટેકનોસેવી ટીસર્ચે ટેકનોલોજી આધારિત કરેલ કામગીરીનું ડોક્યુમેન્ટેશન તૈયાર કરવું એવો હતો. આ વર્કશોપમાં 34 શિક્ષક મિત્રોએ હાજરી આપી હતી. આ તાલીમવર્ગનો ખર્ચ EDN-12 ની ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યો હતો.

### CMDE શાખાના લેકચરર્સની રીવ્યુ બેઠક

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની CMDE શાખા દ્વારા GCERT - ગાંધીનગર ખાતે તા.24/7/18 ના દિને એક દિવસીય રીવ્યુ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં 34 લેકચરર્સ ઉપસ્થિત રહ્યા હતા. અને શાખા અંતર્ગત કરેલ કામગીરીનો રીવ્યુ કરવામાં આવ્યો હતો.

### જિલ્લા કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શન આયોજન બેઠક

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજના ગણિત વિજ્ઞાન એકમ દ્વારા ડાયટ ભુજ ખાતે તા.31/7/18 ના દિને એક દિવસીય વિજ્ઞાન પ્રદર્શન આયોજન બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી, ડાયટ લેકચરર્સ, SVS કન્વીનર અને બી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ મળીને 19 સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને જિલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શન યોજવા જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

### નિબંધ ચકાસણી માટેના તજજ્ઞોની બેઠક

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની CMDE શાખા દ્વારા GCERT ગાંધીનગર ખાતે

તા.16/8/018 થી તા. 18/08/2018 દરમિયાન રાજ્ય કક્ષાની નિબંધ ચકાસણી માટેના તજજ્ઞોની ત્રિદિવસીય બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં 29 ડાયટ લેકચરર્સ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં નિબંધ ચકાસણી અંગેની કામગીરી કરવામાં આવી હતી.

## ધોરણ 3 થી 5 ગણિતની આર.પી. તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા ડાયટ ભુજ ખાતે તા. 06/07/2018 ના દિને કચ્છ જિલ્લાના આર.પી. શિક્ષકો માટે NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 3 થી 5 ગણિતની આર.પી. તાલીમનો એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ તાલીમમાં કચ્છ જિલ્લામાંથી ગણિતના 04 આર.પી. શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 3 થી 5 ના ગણિતના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ, મેથોડોલોજી અને પ્રવૃત્તિઓ વગેરેની સમજ આપવામાં આવી હતી તથા પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

## ધોરણ 3 થી 5 ગણિતની એમ.ટી. તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા ડાયટ ભુજ ખાતે તા. 07/07/2018 ના દિને કચ્છ જિલ્લાના તમામ તાલુકાના માસ્ટર ટ્રેનર શિક્ષકો માટે NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 3 થી 5 ગણિતની એમ.ટી. તાલીમના બે વર્ગો યોજવામાં આવ્યા હતા. આ તાલીમમાં કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી ગણિતના 89 માસ્ટર ટ્રેનર શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 3 થી 5 ના ગણિતના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ, મેથોડોલોજી અને પ્રવૃત્તિઓ વગેરેની સમજ આપવામાં આવી હતી તથા પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

## સત્રાંત પરીક્ષા પ્રશ્નપત્ર સંરચના વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની CMDE શાખા દ્વારા તા.27/9/2018 ના દિને સત્રાંત પરીક્ષા પ્રશ્નપત્ર સંરચના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં કચ્છ જિલ્લાના ચુનંદા 28 શિક્ષકો દ્વારા કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટે ધોરણ 3 થી 8 ના વિવિધ વિષયોના પ્રશ્નપત્રોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

## વિજ્ઞાન પ્રદર્શન અંતર્ગત કૃતિ નિર્માણ વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજના ગણિત વિજ્ઞાન એકમ દ્વારા ડાયટ-ભુજ ખાતે કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી પસંદગીની પ્રા. શાળાઓના ગણિત-વિજ્ઞાનના શિક્ષકો માટે તા.26/09/2018

થી તા.27/09/2018 દરમિયાન વિજ્ઞાન પ્રદર્શન અંતર્ગત કૃતિ નિર્માણ વર્કશોપનો દ્વિદિવસીય એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં ૪૨ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં વિજ્ઞાન પ્રદર્શનમાં શિક્ષકો નવીન કૃતિ(મોડેલ)નું નિર્માણ કરે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## ઈકોક્લબ શાળાકીય પ્રવૃત્તિ તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની કાર્યાનુભવ (WE) શાખા દ્વારા ડાયટ-ભુજ ખાતે કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી પસંદગીની પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટે તા.08/10/2018 થી તા.09/10/18 દરમિયાન ઈકોક્લબ પ્રવૃત્તિ તાલીમ અંતર્ગત દ્વિ દિવસીય તાલીમનો એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ તાલીમમાં 39 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં ઈકોક્લબ એટલે શું ? ઈકોક્લબ પ્રવૃત્તિઓ, શાળા કક્ષાએ ઈકોક્લબ પ્રવૃત્તિઓનું આયોજન અને ઈકોક્લબ પ્રવૃત્તિમાં અન્ય સંસ્થાનો સહયોગ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તાલીમમાં માનવજ્યોત ટ્રસ્ટના પ્રમુખ શ્રી પ્રબોધભાઇ મુનવરે સહભાગી બની સૌને માર્ગદર્શિત કર્યા હતા અને શાળા કક્ષાએ ઈકોક્લબ પ્રવૃત્તિને વેગવંતી બનાવવા જરૂરી સહયોગ આપવા તત્પરતા દર્શાવી હતી.

## ઈનોવેશન શેરીંગ વર્કશોપ

તા. 03/11/2018 દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – ભુજ દ્વારા ઈનોવેશન ફેસ્ટીવલના આયોજન પૂર્વે ઈનોવેશન શેરીંગ વર્કશોપનું આયોજન દિન – 1 દરમિયાન કરવામાં આવેલ. જેમાં 23 ઈનોવેટીવ ટીચર તેમજ 3 તજજ્ઞ જોડાયા હતા. જેમાં ડાયટના આઇ.એફ.આઇ.સી. શાખાના વ્યાખ્યાતા ડૉ.બી.આર.પટેલ દ્વારા તેમજ તજજ્ઞશ્રીઓ દ્વારા ઈનોવેટીવ પ્રોગ્રામ સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

## આર્ટ ઈન્ટિગ્રેટેડ લર્નિંગ વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા ડાયટ ભુજ ખાતે તા. 01/10/18 થી તા. 05/10/18 દરમિયાન પાંચ દિવસીય આર્ટ ઈન્ટિગ્રેટેડ લર્નિંગ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં 43 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં વિવિધ પ્રકારની આર્ટ જેમકે મહેંદી, નેઇલ આર્ટ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, પેઇન્ટીંગ, સંગીત વગેરે અંતર્ગત તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## રાજ્ય વિજ્ઞાન પ્રદર્શન કૃતિ નિર્માણ તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજના ગણિત વિજ્ઞાન એકમ દ્વારા ડાયટ ભુજ ખાતે કચ્છ જિલ્લાના જિલ્લા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાંથી રાજ્ય વિજ્ઞાન પ્રદર્શન માટે પસંદગી પામેલ કૃતિના વિદ્યાર્થીઓ અને તેના માર્ગદર્શક શિક્ષકો માટે તા. 22/11/2018 ના દિને રાજ્ય વિજ્ઞાન પ્રદર્શન કૃતિ નિર્માણ તાલીમનો એક

દિવસીય એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં 10 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા ડોક્યુમેન્ટેશન વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની WE શાખા દ્વારા તા.27/11/18 થી તા. 29/11/18 દરમિયાન ના દિને ડાયેટ ભુજ ખાતે બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા ડોક્યુમેન્ટેશન વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં 17 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા પ્રવૃત્તિઓના આધારે જિલ્લા કક્ષાના બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું.

## ઈનોવેશન રાઈટઅપ વર્કશોપ

જિલ્લા શિક્ષણ અનેતાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા તા.26/11/18 થી તા.27/11/18 દરમિયાન ડાયટ-ભુજ ખાતે કચ્છ જિલ્લાની પ્રા. શાળાઓમાં નવત્તર પ્રવૃત્તિઓ દ્વારા અપેક્ષિત પરિણામો મેળવનાર શિક્ષકોની નવત્તર પ્રવૃત્તિઓના પ્રચાર પ્રસાર તથા તેમની નવત્તર પ્રવૃત્તિઓનું ઈનોવેશન ફેરમાં પ્રેઝન્ટેશન કરી શકાય તે માટે ઈનોવેશન રાઈટ અપ વર્કશોપનો એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં નાવિન્યપૂર્ણ પ્રવૃત્તિ કરનાર 43 ઈનોવેટિવ ટીચર્સ દ્વારા તેમની નાવિન્યપૂર્ણ પ્રવૃત્તિનું પ્રેઝન્ટેશન અને રાઈટ અપ કરવામાં આવ્યું હતું. ઈનોવેશન કેવી રીતે સોપાનો મુજબ દર્શાવી શકાય તે માટે તેમને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

## ઈકો કલબ ડોક્યુમેન્ટેશન વકશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની WE શાખા દ્વારા તા.6/7/2017 થી તા.7/7/2017 દરમિયાન ઈકોક્લબ ડોક્યુમેન્ટેશન વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં 22 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ ઈકોક્લબ પ્રવૃત્તિઓના આધારે જિલ્લા કક્ષાના ઈકોકલબ ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું.

## રાજ્ય કક્ષાના ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન 2018 ની બુકલેટ સંદર્ભે DTP વર્કશોપ

વિજ્ઞાન ગણિત એકમ અંતર્ગત તારીખ : 02, 03 જાન્યુઆરી 2019 દિન : 02 માટે DTP વર્કશોપ યોજવામાં આવ્યો હતો. DTP વર્કશોપનો હેતુ રાજ્ય વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન 2018 ની બુકલેટનું પ્રુફ રીડીંગ કરાવવું એવો હતો. આ વર્કશોપમાં 34 શિક્ષક મિત્રોએ હાજરી આપી હતી. આ

તાલીમવર્ગનો ખર્ચ EDN-12 (TASP) ગ્રાન્ટમાં કરવામાં આવ્યો હતો.

## BRC - CRC સંકલન બેઠક

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – ભુજ દ્વારા ઈનોવેશન ફેસ્ટીવલના સુચારુ આયોજન અન્વયે BRC, TPEO તેમજ DEO અને DPEO ની સંકલન બેઠકનું આયોજન ડાયટની IFIC શાખા દ્વારા કરવામાં આવેલ. જેમાં કોર ટીમના સભ્યો પણ સામેલ હતા. આ સંકલન બેઠકમાં ઈનોવેટીવ ટીચરના ઈનોવેશનનું મોડીફાય કરવામાં આવેલ અને ત્યારબાદ યોગ્ય સુધારા-વધારા કરવા જે તે ઈનોવેટીવ ટીચર સાથે સંકલન કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં કુલ 24 મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## EDN - 16 L અંતર્ગત થયેલ કાર્યક્રમો

### મુખ્ય શિક્ષક તાલીમ

તા.19/7/2018 થી તા.20/7/2018 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા કક્ષાએ તાલુકાની સમગ્ર પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોની તાલીમ યોજાઇ ગઇ. આ તાલીમ 38 વર્ગોમાં 1757 મુખ્ય શિક્ષકોએ મેળવી હતી. તાલીમમાં તજજ્ઞ તરીકે ડાયેટના વ્યાખ્યાતાઓ અને રીસોર્સ પર્સન્સ જોડાયા હતા.

તાલીમ બાદ મુખ્ય શિક્ષકો ટોટલ લર્નીંગ પેકેજના ઘટકો, NAS, SEQI, Where do we stand?, ગુણોત્સવના પરીણામોનું અર્થઘટન અને ઉપચારાત્મક કાર્યક્રમથી સુપેરે પરીચિત થયા હતા.

### યોગ તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની PSTE શાખા દ્વારા ઈશ્વર આશ્રમ, દેશલપર – વાંઢાય ખાતે યોગ તાલીમના કુલ 4 વર્ગો યોજવામાં આવ્યા હતા. આ યોજાયેલ તાલીમના 4 વર્ગોમાં કચ્છના 232 સી.આર.સી.માંથી 187 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

### નવનિયુક્ત હેડ ટીચર્સ તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા જાન્યુઆરી – 2019 દરમિયાન નવનિયુક્ત હેડ ટીચર્સ તાલીમ અન્વયે 9-9 દિવસના તબક્કા મળીને કુલ 2 તબક્કામાં તાલીમ યોજવામાં આવી હતી. જેમાં કુલ 6 મોડ્યુલમાં ડાયેટ વ્યાખ્યાતાઓએ તજજ્ઞ તરીકે ફરજ બજાવી હતી. જેમાં કુલ 47 નવનિયુક્ત હેડટીચર્સ ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં સોફ્ટ સ્કીલ, પેડાગોજી, શિક્ષણનું માળખું, ઓફિસ કીપીંગ, TLP અને કોમ્પ્યુટર લર્નીંગ જેવા 6 મોડ્યુલ અંતર્ગત તાલીમ આપવામાં આવી હતી.

## PEC સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમ

### રોલ પ્લે અને ફોક ડાન્સ સ્પર્ધા

એનસીઈઆરટી, નવી દિલ્હી અને જીસીઈઆરટી, ગાંધીનગરના વસતિ શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ દ્વારા સરકારી માધ્યમિક શાળાઓ માટે જિલ્લા કક્ષાની નેશનલ રોલ પ્લે અને ફોક ડાન્સ કોમ્પીટીશન 'ડાયટ'ના સભાખંડ ખાતે યોજવામાં આવી હતી. વસતિ શિક્ષણ અને જીવન કૌશલ્યોને લગતી લઘુનાટિકા સ્પર્ધામાં પ્રથમ સ્થાને સરકારી હાઈસ્કુલ, જવાહરનગર, દ્વિતીય સ્થાને સરકારી મા.શાળા, રામપર-વેકરા અને તૃતીય સ્થાને ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજની ટીમ વિજેતા રહી હતી. લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ સ્થાને સરકારી હાઈસ્કૂલ, રામપર-વેકરા તા. માંડવી, દ્વિતીય ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, ભુજ અને તૃતીય સ્થાને સરકારી હાઈસ્કુલ, જવાહરનગર તા. ભુજની ટીમ વિજેતા રહી હતી.

સ્પર્ધાનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી જિ. શિક્ષણાધિકારી રાકેશભાઈ વ્યાસ અને ડાયટના પ્રાચાર્ય હસમુખભાઈ ગોર તથા સ્પર્ધક વિદ્યાર્થિનીઓએ કરાવ્યો હતો. સ્પર્ધાના સંયોજક વ્યાખ્યાતા સંજય પી. ઠાકરે હેતુ સ્પષ્ટ કરવા સાથે સ્પર્ધાનું માળખું જણાવ્યું હતું. આ નવતર સ્પર્ધામાં થીમ બેઈઝ છ રોલ પ્લે અને સાત લોકનૃત્ય રજૂ થયા હતા જેણે આકર્ષણ જમાવ્યું હતું. બન્ને સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. દક્ષાબેન મહેતા, જ્યોતિબેન સોરઠિયા, સંજય ઠાકર, ડૉ. કેશુભાઈ મોરસાણિયા, ગોરધનભાઈ પટેલ 'કવિ' તથા દિવ્યાબેન વૈદ્યએ કામગીરી સંભાળી હતી. જિ.શિ.નિરીક્ષક વસંતભાઈ તેરૈયા અને સ્નેહાબેન રાવલે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વીઆરટીઆઇ - માંડવીને વિશેષ સહયોગ સાંપડ્યો હતો.

સમાપન કાર્યક્રમમાં જિ.પ્રા. શિક્ષણાધિકારી સંજયભાઈ પરમાર, પ્રાચાર્યશ્રી એચ. ટી. ગોર, નિર્ણાયકો અને વ્યાખ્યાતાઓના હસ્તે મોમેન્ટો, રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર ભેટ અપાયા હતા. આ સ્પર્ધામાં કર્મયોગી બની સેવા આપતા પ્રા. શિક્ષકો મદનકુમાર ઠક્કર, પ્રકાશ તરાલ, મયૂર ભાનુશાલી, જિતુભાઈ પટેલ, પીયૂષભાઈ પટેલ, ઉત્તમ મોતા, દિનેશ વાણિયા અને મહેશ ત્રિવેદી વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો. સુનિલભાઈ યાદવે કન્યા ભ્રૂણહત્યા વિરોધી અને ડૉ. રક્ષાબેન ઉપાધ્યાયે વ્યસનમુક્તિના શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મનન ઠક્કરે અને આભારવિધિ અશ્વિન સુથારે કરી હતી. ડાયટના વ્યાખ્યાતા અને શિક્ષકોએ વ્યવસ્થા સંભાળી હતી.

રાજ્ય કક્ષાએ ફોક ડાન્સ કોમ્પિટીશનમાં રામપર-વેકરાની ટીમ પ્રથમ સ્થાને વિજયી બની કચ્છનું ગૌરવ વધાર્યું હતું. રાષ્ટ્રીય કક્ષાએ નવી દિલ્હી ખાતે આ ટીમે ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પોસ્ટર સ્પર્ધામાં પણ રાજ્ય કક્ષાએ ઈન્દ્રાબાઈ કન્યા વિદ્યાલય, ભુજની વિદ્યાર્થિની નિશી રાજેશભાઈ વાસાણી દ્વિતીય ક્રમાંકે વિજેતા જાહેર થઈ હતી.

### ડ્રગ્સના દુરુપયોગના નિવારણ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો માટે વર્કશોપ

કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળના નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશિયલ

ડિફેન્સ (NSD) સંગઠનની પ્રેરણાથી અને જીસીઈઆરટીના વસતિ શિક્ષણ એકમના માર્ગદર્શનથી માર્ચ 2019 માં ડ્રગ્સના દુરુપયોગના નિવારણ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે અવેરનેશ કાર્યક્રમ તથા કેપેસિટી બિલ્ડીંગ વર્કશોપ યોજવામાં આવ્યા હતા.

ધોરણ 9 અને 11 ના વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમ શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ ખાતે યોજાયો હતો. જેનો 159 વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. શિક્ષકો માટેના એક દિવસીય કેપેસિટી બિલ્ડીંગ વર્કશોપમાં 44 માધ્યમિક શિક્ષકો અને બે દિવસીય વર્કશોપમાં 51 માધ્યમિક શિક્ષકો જોડાયા હતા. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભગવાનભાઈ પ્રજાપતિ, શિક્ષણ નિરીક્ષક વસંતભાઈ તેરૈયા, સ્નેહાબેન રાવલ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બધા કાર્યક્રમમાં એલસીડી પર પીપીટી, વિડીયો ક્લીપ્સ દેખાડાઈ હતી. વકતવ્ય, ચર્ચા અને જૂથકાર્ય જેવી પદ્ધતિનો ઉપયોગ કરાયો હતો. વાચન સામગ્રી તરીકે માર્ગદર્શિકા અને અન્ય સાહિત્ય વિતરિત કરાયું હતું. તજજ્ઞ તરીકે ડૉ. દક્ષાબેન મહેતા, સંજય ઠાકર અને ભિનીતાબેન પાટણવાલાએ સેવા આપી હતી.

## RTGS / SSA સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો

### ધોરણ 4 થી 5 ગણિત નવા પાઠ્યપુસ્તકની તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા તાલુકા મથક ખાતે તા. 11/7/2018 થી તા. 12/7/2018 તથા તા. 13/7/2018 અને તા. 16/7/2018 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકાના શિક્ષકો માટે NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 4 થી 5 ગણિતની તાલીમના 51 વર્ગો યોજવામાં આવ્યા હતા. આ તાલીમમાં કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી ગણિતના 1841 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 4 થી 5 ના ગણિતના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ, મેથોડોલોજી અને પ્રવૃત્તિઓ વગેરેની સમજ આપવામાં આવી હતી તથા પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

### દિક્ષા પોર્ટલ તાલીમ

ET શાખા અંતર્ગત તારીખ 06 ઓક્ટોબર 2018 દિન : 01 માટે દિક્ષા પોર્ટલ તાલીમ યોજવામાં આવી હતી. દિક્ષા પોર્ટલ તાલીમનો હેતુ પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે દિક્ષા પોર્ટલ સંબંધિત હેતુઓની ચર્ચા કરવી અને દિક્ષા પોર્ટલ સંબંધિત પ્રવૃત્તિઓનું નિદર્શન કરાવવું એવો હતો. આ વર્કશોપમાં 40 શિક્ષક મિત્રોએ હાજરી આપી હતી. આ તાલીમવર્ગનો ખર્ચ SSA ની ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યો હતો.

## ધોરણ- 3 પર્યાવરણ, ધોરણ - 6 થી 8 ગણિત તથા વિજ્ઞાન અને ટેકનોલોજીના નવા પાઠ્યપુસ્તકની તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા તાલુકા મથકે તા. 06/12/18 થી તા. 07/12/18 , તા. 10/12/18 થી તા. 11/12/18 અને તા. 13/12/18 થી તા. 14/12/18 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકાના શિક્ષકો માટે ધો. 3 પર્યાવરણ, ધોરણ – 6 થી 8 ગણિત તથા વિજ્ઞાન અને ટેકનોલોજીના નવા પાઠ્યપુસ્તકની તાલીમના 94 વર્ગો યોજવામાં આવ્યા હતા. આ તાલીમમાં કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી 4036 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં NCERT ના નવા અભ્યાસક્રમ અંતર્ગત પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ, મેથોડોલોજી અને પ્રવૃત્તિઓ વગેરેની સમજ આપવામાં આવી હતી તથા પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

## ધોરણ 1 થી 2 પ્રજ્ઞા તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા તા. 17/01/19 થી તા. 18/01/19 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકાના શિક્ષકો માટે તાલુકા મથકે ધોરણ 1 થી 2 પ્રજ્ઞા તાલીમના 65 વર્ગો યોજવામાં આવ્યા હતા. આ તાલીમમાં કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી ધોરણ– 1 થી 2 માં પ્રજ્ઞાની કામગીરી કરતા 2103 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં શિક્ષકોને પ્રજ્ઞા એટલે શું ? પ્રજ્ઞા દ્વારા શિક્ષણકાર્યની પ્રવૃત્તિઓ, પ્રજ્ઞા અભિગમ વગેરેની સમજ આપવામાં આવી હતી તથા પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

## ધોરણ 3 થી 5 ગણિતની તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC શાખા દ્વારા ડાયટ ભુજ ખાતે તા. 26/2/2019 થી તા. 28/2/2019 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકાના શિક્ષકો માટે NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 3 થી 5 ગણિતની તાલીમના 94 વર્ગો યોજવામાં આવ્યા હતા. આ તાલીમમાં કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી ગણિતના 3264 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં NCERTના નવા અભ્યાસક્રમ અંતર્ગત ધોરણ 3 થી 5 ના ગણિતના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ, મેથોડોલોજી અને પ્રવૃત્તિઓ વગેરેની સમજ આપવામાં આવી હતી તથા પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

## મિશન વિદ્યા 2018 સંબંધિત કાર્યક્રમો

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની IFIC અને CMDE શાખા દ્વારા તા. 06/09/18 થી તા.08/09/18 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકાની પ્રા. શાળાઓમાં મિશન વિદ્યા અંતર્ગત મૂલ્યાંકન

કરવામાં આવ્યું હતું. મિશન વિદ્યાના આ પ્રોજેક્ટ અંતર્ગત 19 કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં 782 તાલીમાર્થીઓએ ઉપસ્થિત રહી મિશન વિદ્યાની કામગીરી સંભાળી હતી.

## UNICEF સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમ

### એજ્યુકેશનલ પ્લાનિંગ વર્કશોપ ફોર કિસ્ટલ એન્ડ સોલ્ટ પાન

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – ભુજ દ્વારા હોટલ તુલસી, માધાપર ખાતે તા. 27/12/18 થી તા.28/12/18 દરમિયાન UNICEF સ્કીમ અંતર્ગત એજ્યુકેશનલ પ્લાનિંગ વર્કશોપ ફોર કિસ્ટલ એન્ડ સોલ્ટ પાન અન્વયે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં 55 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ કચ્છ જિલ્લાના અગરિયા વિસ્તારની શાળાઓમાં કાર્ય કરતા શિક્ષકો માટે યોજવામાં આવ્યો હતો.

## PSTE શાખા અંતર્ગત થયેલ કાર્યક્રમો/પ્રવૃત્તિઓ

### સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ ખાતે બી.એડ્. અને ડી.એલ.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા તા.15/8/2018 ના દિને સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે ડાયટ ભુજનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સ્વાતંત્ર્ય દિનની શરૂઆત ધ્વજવંદનથી કરવામાં આવી હતી. ધ્વજવંદનની સાથે સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ત્યારબાદ ડી.એલ.એડ્. અને બી.એડ્.ના તાલીમાર્થીઓએ દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા. કેટલાક તાલીમાર્થીઓએ આ પ્રસંગને અનુરૂપ સ્પીચ પણ આપી હતી. આ કાર્યક્રમમાં ડાયટ ભુજના વ્યાખ્યાતા શ્રી સંજયભાઇ ઠાકર દ્વારા સ્વાતંત્ર્ય દિન સંદર્ભે સ્પીચ આપવામાં આવી હતી અને ડૉ.રીઝવાન રાજા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

### શિક્ષક દિનની ઉજવણી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ ખાતે PSTE શાખા અંતર્ગત બી.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. સૌપ્રથમ PSTEના વ્યાખ્યાતા શ્રીમતી જ્યોતિબેન સોરઠીયા અને શ્રી સુનિલભાઇ યાદવએ શિક્ષક દિનની મહત્તાથી સૌ તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા. તેમણે તાલીમાર્થીઓને શિક્ષક દિનને ઉત્સાહપૂર્વક માણવા અનુરોધ કર્યો હતો. આ દિને તાલીમાર્થીઓએ લેકચરર્સની ભૂમિકા ભજવી હતી. આ તાલીમાર્થીઓએ શિક્ષક તરીકેની ભૂમિકાને ન્યાય આપવા સંનિષ્ઠ પ્રયાસ કર્યો હતો. તેમણે ઉત્સાહપૂર્વક અને આત્મવિશ્વાસ સાથે શિક્ષણકાર્ય કર્યું હતું. અંતે આ તાલીમાર્થી શિક્ષકોએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા.

## લોકભારતી સણોસરાની એક્સપોઝર વિઝીટ

જીસીઈઆરટી, ગાંધીનગરના સહયોગથી ડાયેટ ભુજની પી.એસ.ટી.ઈ શાખા દ્વારા પ્રથમ વર્ષ બી.એડ્‌ના તાલીમાર્થીઓ માટે તા.29/08/18 થી તા.02/09/18 દરમિયાન એક શૈક્ષણિક માર્ગદર્શન સમિનારના આયોજન અન્વયે લોકભારતી સણોસરાની એક્સપોઝર વિઝીટ કરવામાં આવી હતી. આ એક્સપોઝર વિઝીટમાં ડાયેટ-ભુજના બી.એડ્ પ્રથમ વર્ષના 38 તાલીમાર્થીઓ અને પી.એસ.ટી.ઈ શાખાના વ્યાખ્યાતા ડૉ.રીઝવાનભાઇ રાજા લોકભારતી સણોસરા ખાતે ઉપસ્થિત રહ્યા હતા. લોકભારતી સણોસરાની આ એક્સપોઝર વિઝીટ દરમિયાન તાલીમાર્થીઓને વિવિધ તજજ્ઞો દ્વારા શ્રેષ્ઠ શિક્ષક કેવો હોવો જોઈએ? તથા અધ્યયન અધ્યાપન પદ્ધતિઓ દ્વારા શ્રેષ્ઠ શિક્ષણ કેમ અપાય? તે અંતર્ગત પ્રવૃત્તિ અને રમત દ્વારા જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. લોકભારતી સણોસરાની આ એક્સપોઝર વિઝીટ તાલીમાર્થીઓ માટે યાદગાર અને માર્ગદર્શનરૂપ રહી હતી.

## વિશ્વ વસતિ દિનની ઉજવણી

જીસીઈઆરટી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ દ્વારા વિશ્વ વસતિ દિન અને વસતિ શિક્ષણ સપ્તાહ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. 11 જુલાઇના બી.એડ્. અને ડી.એલ.એડ. તાલીમાર્થીઓ સમક્ષ ડાયેટના વ્યાખ્યતા સંજય પી. ઠાકરે વિશેષ દિનની ઉજવણી અને 2018 ના થીમ 'કુટુંબ કલ્યાણ એ માનવ અધિકાર' વિષે વકતવ્ય આપ્યું હતું. ધ્રુવકુમાર શુકલે વસતિ અને સાતત્યપૂર્ણ વિકાસ વિષે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તાલીમાર્થીઓ માટે વસતિ શિક્ષણ અંગે શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં પ્રથમ વૈદેહી પટેલ, દ્વિતીય મોહમ્મદ સોએબ જનર અને તૃતીય રેહાના સમા વિજેતા થયા હતા. નિર્ણાયકો તરીકે જ્યોતિબેન સોરઠિયા અને સુનિલભાઇ યાદવે સેવા આપી હતી. ડૉ. રિઝવાન રાજા અને રંજનબેન પરમારે સહયોગ આપ્યો હતો. વસતિ શિક્ષણના મુદ્દાને આવરી લઈ પ્રદર્શન સૌએ નિહાળ્યું હતું.

## 12. ઈકો કલબ

જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજના માધ્યમથી કચ્છ જિલ્લાની 1705 પ્રાથમિક શાળાઓને ઈકો કલબ પ્રવૃતિના પ્રથમ તબકકા અંતર્ગત રૂા.1000/- લેખે કુલ રૂા.17,05,000/-નું અનુદાન આપવામાં આવ્યું હતું. આ અનુદાન કચ્છ જિલ્લાની પંચાયતી પ્રાથમિક શાળાઓને SMCના એકાઉન્ટમાં RTGSથી જમા કરવામાં આવ્યું હતું. ઈકો કલબ પ્રવૃતિ અંતર્ગત ડાયટ ભુજને રૂા.5000/- ફાળવવામાં આવ્યા હતા. આમ, ઈકો કલબ પ્રવૃતિ અંતર્ગત કચ્છ જિલ્લામાં કુલ રૂા.17,10,000/- નું અનુદાન આપવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઈકો કલબ અંતર્ગત નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી.

* શાળા બાગ
* ઔષધ બાગ
* કિચન ગાર્ડન
* વૃક્ષારોપણ અને તેની જાળવણી
* સ્વસ્થ જમીનનું નિર્માણ કરવું.
* અક્ષયપાત્ર, પક્ષીઘર અને જળપાત્ર મૂકવા
* પાણીનો યોગ્ય ઉપયોગ કરવાની પ્રવૃતિ
* ફૂલવાડી અને તુલસીવનનું નિર્માણ કરવું
* વરસાદી પાણીનો સંગ્રહ કરવો
* ઘન કચરાનો નિકાલ કરવો
* કેમ્પસ ડેવલપમેન્ટ
* પર્યાવરણ સબંધિત વિવિધ દિનની ઉજવણી
* પર્યાવરણની જાળવણી કરવી
* પર્યાવરણ સંબંધિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન

કચ્છ જિલ્લાની વિવિધ શાળાઓમાં ઉપરોક્ત ઈકો ક્લબ પ્રવૃતિઓ થાય તે માટે ડાયેટ ભુજની **WE** શાખા દ્વારા ઈકો ક્લબ શાળાકીય પ્રવૃતિ તાલીમનું આયોજન કરી તાલીમમાં ઉપસ્થિત મુખ્ય શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઈકો ક્લબ પ્રવૃતિની અસરકારતા ચકાસવા ડાયટ–ભુજના લેક્ચરર્સ દ્વારા પોતાને સોંપાયેલ તાલુકાની પ્રાથમિક શાળાઓનું ઈકો ક્લબ પ્રવૃતિ અંતર્ગત મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દરેક લાયઝન ઓફિસર દ્વારા પોતાના તાલુકાની પ્રાથમિક શાળાઓમાં થયેલ ઈકો ક્લબ પ્રવૃતિના અહેવાલ અને યુટીસીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. આ એકત્રીકરણ બાદ ડાયટ–ભુજની **WE** શાખા દ્વારા ઈકો ક્લબ ડોક્યુમેન્ટેશન વર્કશોપનું આયોજન કરી જિલ્લા કક્ષાનું ઈકો ક્લબ ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું.

## 13. બાળમેળા અને લાઇફ સ્કીલ મેળા

જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજ દ્વારા શાળા પ્રવેશોત્સવના દિને સમગ્ર કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શાળા કક્ષાએ અનુક્રમે બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળમેળામાં ધોરણ 1 થી 5 માં માટીકામ, કાતરકામ, ચીટકકામ, રંગપૂરણી, કાગળકામ, એક મિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, કાર્ટુન ફિલ્મ, ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, અક્ષર લેખન, બાળગીત, બાળવાર્તા અને વેશભૂષા વગેરે જેવી પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. લાઇફ સ્કીલ

મેળામાં ધોરણ 6 થી 8 માં ફ્યુઝ બાંધવો, કૂકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંક્ચર કરવું, પડીકાં બાંધવા, વેસ્ટમાંથી બેસ્ટ, નિબંધ લેખન સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા વગેરે જેવી પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કચ્છ જિલ્લામાં વર્ષ 2018-19 અંતર્ગત 1705 પ્રાથમિક શાળાઓમાં રૂ.500/- લેખે કુલ રૂ.8,52,500/- અને લાઈફ સ્કીલ મેળા અંતર્ગત 1548 પ્રાથમિક શાળાઓમાં રૂ.500/- લેખે રૂ.7,74,000/- એમ કુલ રૂ.16,26,500/- ની ગ્રાન્ટ પ્રાથમિક શાળાઓમાં SMC ના એકાઉન્ટમાં RTGS થી જમા કરવામાં આવી હતી. બાળમેળા અને લાઈફસ્કીલ મેળાના દિને જે તે તાલુકાના લાયઝન ઓફિસર દ્વારા બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા પ્રવૃતિનું મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તા.27/11/18 થી તા. 29/11/18 દરમિયાન ડાયેટ ભુજ ખાતે WE શાખા દ્વારા આયોજિત બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા ડોક્યુમેન્ટેશન વર્કશોપમાં કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા પ્રવૃતિઓના આધારે જિલ્લા કક્ષાનું બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું.

## 14. કલા ઉત્સવ

ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના ધો. 6 થી 12 ના વિદ્યાર્થીઓ માટેનો જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ ખાતે યોજાયો હતો. મહાત્મા ગાંધીજીની 150મી જન્મ જયંતી અંતર્ગત જીસીઈઆરટી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ દ્વારા યોજાયેલા કલા ઉત્સવમાં નિબંધ, વકતૃત્વ, ચિત્ર અને બાલકવિ એમ ચાર સ્પર્ધાના બાર વિભાગમાં તાલુકા અને એસવીએસમાં પ્રથમ સ્થાને વિજેતા થનાર 80 બાલકલાકારો વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી જેમાં બાલકલાકારોની પ્રતિભા ખીલી ઊઠી હતી.

કાર્યક્રમના પ્રારંભે ડાયેટ પ્રાચાર્ય ડૉ. દક્ષાબેન મહેતા, આમંત્રિત મહેમાનો અને બાલકલાકારો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું. સ્પર્ધાનું માળખું અને આયોજનનો હેતુ સંયોજક વ્યાખ્યાતા સંજય પી. ઠાકરે જણાવ્યા બાદ ચાર સ્પર્ધાઓના બાર વિભાગના બાલકલાકારોએ પોતાની કલાના કામણ પાથર્યા હતા. જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી સંજયભાઇ પરમારે કલા ઉત્સવની મુલાકાત લઇ સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાના કન્વીનર તરીકે અશ્વિન સુથાર, ડૉ. રક્ષાબેન ઉપાધ્યાય અને ડૉ. બિન્દુબેન પટેલે કામગીરી સંભાળી હતી. નિર્ણાયકો તરીકે ચિત્રમાં નવીનભાઇ સોની, મનોજભાઇ શાહ અને સંજયભાઇ ગોહિલ બાલકવિમાં કૃષ્ણકાંત ભાટિયા, હસમુખ અબોટી અને લાલજી મેવાડા, નિબંધમાં ચંદ્રવદન મહેતા, ડૉ. હિમાંશુભાઇ પટેલ અને ડૉ.સ્નેહલભાઇ વૈદ્ય, વકતૃત્વમાં કનુભાઇ જોશી અને નિરૂપમભાઇ છાયાએ સેવાઓ આપી હતી. વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ શિક્ષણ વિભાગના આ કાર્યક્રમને બિરદાવી દરવર્ષે સ્પર્ધાઓ યોજવા અનુરોધ કર્યો હતો. સ્પર્ધા સંચાલન મનન ઠકકરે કર્યુ હતું.

જિલ્લા કક્ષાએ વિજેતા થનાર બાલકલાકારોમાં બાલકવિ સ્પધા – ઉચ્ચ પ્રાથમિકમાં હેતલ બંકા, આદિપુર હિન્દી શાળા–2, માધ્યમિકમાં ગૌતમ કાતરિયા સ્વામિનારાયણ ગુરૂકુળ – મથલ (નખત્રાણા) અને

ઉચ્ચ માધ્યમિકમાં વૈદેહી ઉદવાણી, કે.કે.એમ.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ, અંજાર પ્રથમ ક્રમે વિજેતા થયા છે. ચિત્ર સ્પર્ધા – ઉચ્ચ પ્રાથમિકમાં અબ્બાસ સુમરા, ઓરિરા શાળા (નખત્રાણા), માધ્યમિકમાં શુભમ સોલંકી, શેઠ જી.ટી.હાઈસ્કૂલ (માંડવી અને ઉચ્ચ માધ્યમિકમાં નિખિલ વાઘેલા શેઠ કે.વી. હાઈસ્કૂલ (નખત્રાણા) પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. વકતૃત્વ સ્પર્ધા – ઉચ્ચ પ્રાથમિકમાં પવાની પેથાણી, ફરાદી પ્રા. શાળા (માંડવી), માધ્યમિકમાં પ્રીન્સી ગોસ્વામી, એમ.એસ.વી. હાઈસ્કુલ (માધાપર) અને ઉચ્ચ માધ્યમિકમાં પ્રતિક્ષાબા જાડેજા, જે.પી.એન્ડ એલ.એસ. હાઈસ્કુલ (કેરા) પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. નિબંધમાં સ્પર્ધા – ઉચ્ચ પ્રાથમિકમાં હિના મોતા, બાગ વાડી શાળા (માંડવી), માધ્યમિકમાં હેતવી પટેલ, શ્રીજી વિદ્યાલય (માધાપર) અને ઉચ્ચ માધ્યમિકમાં સેજલ મરંડ, કે.એમ.એ.એસ. કન્યા વિદ્યાલય (આદિપુર) પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવનાર બાલ સર્જકો નજીકના ભવિષ્યમાં રાજ્ય કક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે. બાલકલાકારોને રોકડ પુરસ્કાર, મેમન્ટો અને પ્રમાણપત્રથી નવાજવામાં આવ્યા હતા.

## 15. ગણિત-વિજ્ઞાન મંડળની પ્રવૃતિઓ

કચ્છ જિલ્લાની 5 પ્રાથમિક શાળાઓને દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ માટે પસંદ કરી બાયસેગ પર મોકલવામાં આવી હતી. સાથે સાથે આ શાળાઓને સાયન્સ સીટીની પણ મુલાકાત કરાવવામાં આવી હતી. કચ્છ જિલ્લાના 4 શિક્ષકને વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ગણિત વિષયના પાઠ આપવા માટે પસંદ કરી બાયસેગ પર મોકલવામાં આવ્યા હતા. સી.આર.સી., બી.આર.સી. અને સંકુલ કક્ષાના વિજ્ઞાન પ્રદર્શન, જિલ્લા કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન અને ગણિત-લિજ્ઞાન મંડળ અંતર્ગત વિજ્ઞાન-ગણિત પ્રદર્શનના સંદર્ભમાં વિજ્ઞાન સલાહકાર બેઠક, વિજ્ઞાન પ્રદર્શનના આયોજન માટે જિલ્લા કક્ષાની બેઠક અને વિજ્ઞાન પ્રદર્શન એપ્રાઇઝલ ફોર્મ બેઠક વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

## 16. વિજ્ઞાન મેળા

### જિલ્લા કક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજ દ્વારા આયોજિત તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના સંકલનથી જિલ્લા કક્ષાનો વિજ્ઞાનમેળો શ્રી સામત્રા પ્રાથમિક શાળા, સામત્રા તા. ભુજ ખાતે યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન માનનીય શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, શિક્ષણમંત્રીશ્રી, માનનીય શ્રી વાસણભાઈ આહિર – રાજ્યકક્ષાના મંત્રીએ પ્રસંગ અનુરૂપ વકતવ્ય આપી વિજ્ઞાનમેળામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. તા.04/10/2018 દરમિયાન વિજ્ઞાનમેળામાં 102 શાળાના 138 શિક્ષકો 2148

વિદ્યાર્થીઓ અને 4236 ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા. વિજ્ઞાનમેળામાં પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓની કૃતિઓ રજૂ કરાઈ હતી. વિજ્ઞાનમેળાના આયોજનને સફળ બનાવવા જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રાકેશભાઈ વ્યાસ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સંજયભાઈ પરમાર અને ડાયેટ ભુજના પ્રાચાર્ય અને વિજ્ઞાન સલાહકાર શ્રી એચ.ટી.ગોર સહિતનાનો સહયોગ સાંપડ્યો હતો.

## રાજ્ય કક્ષાનું વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ અને શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી અને જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી કચેરી, ભુજ તથા સૂર્યા વરસાણી એકેડમી ,ભુજના સંયુક્ત ઉપક્રમે તા.24/01/2019 થી 27/01/2019 દરમ્યાન બાળકો માટે 46મું વિજ્ઞાન - ગણિત - પર્યાવરણ પ્રદર્શન સંપન્ન થયું. આ પ્રદર્શનમાં જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય વિજ્ઞાનની કૃતિઓ, ડી.એલ.એડ. સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ઈન્સપાયર એવોર્ડસ માનકને પણ સાંકળી લેવામાં આવેલ.

વિદ્યાર્થીઓમાં તેમની જિજ્ઞાસા અને રચનાત્મકતા માટે એક મંચ ઉપલબ્ધ કરાવવું, તેમની આસપાસ થતી પ્રવૃત્તિઓમાં વિજ્ઞાન અને ગણિતનો અનુભવ કરાવવો તથા એક જવાબદાર વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ ધરાવતો નાગરિક બને તેવા હેતુઓની સિદ્ધિ થાય તે માટે પ્રતિ વર્ષ આ પ્રદર્શન યોજાય છે.

આ પ્રદર્શનમાં રાજ્યમાંથી શાળાકક્ષાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેની સંખ્યાત્મક માહિતી નીચે મુજબ છે.

| | |
|---|---|
| શાળાઓ - ડી.એલ.એડ્. સંસ્થાઓની કુલ કૃતિ સંખ્યા | : 369 |
| ઈન્સ્પાયર માનક | : 121 |
| ભાગ લેનાર કુલ શાળાઓ - સંસ્થાઓ | : 500 |
| ભાગ લેનાર વિદ્યાર્થીઓ | : 847 |
| ભાગ લેનાર શિક્ષકો | : 484 |

આ પ્રદર્શનનો મુખ્ય વિષય : જીવનના પડકારો માટે વૈજ્ઞાનિક ઉપાયો હતો. જેમાં સ્માર્ટ સીડ ડ્રીલ, ડિજિટલ ડસ્ટબીન, નેનો પાર્ટીકલ - અ મેજિક બુલેટ, બેટરીલેસ કાર વગેરે જેવી નાવીન્યસભર કૃતિઓ હતી.

આ પ્રદર્શનનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના માન. શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કર્યુ હતું. આ પ્રદર્શનમાં માન. રાજ્યમંત્રીશ્રી વાસણભાઈ આહિર તથા અન્ય પદાધિકારીઓ, જી.સી.ઈ.આર.ટી. ના નિયામક ડૉ. ટી.એસ.જોષી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રભવ જોષી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ. બી.એન.પ્રજાપતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સંજય પરમાર, ડાયટના પ્રાચાર્ય શ્રી હસમુખભાઈ ગોર, યજમાન સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાગ લેનાર દરેક બાળક - કૃતિ અને શાળાને સમાવિષ્ટ કરતું સોવેનિયર, બી.કે.સરકારી હાઈસ્કુલ,

ગોધરાના નવનિર્મિત મકાન અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન નિર્મિત કચ્છના ગામડાંની સંસ્કૃતિને ઉજાગર કરતું મીની મ્યુઝિયમ માન.શિક્ષણમંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના વરદ્દહસ્તે ઓનલાઇન ખુલ્લા મુકાયા હતા. જિલ્લાની માધ્યમિક અને પ્રાથમિક શાળાઓનાં બાળકો તેમજ શિક્ષકોએ પ્રદર્શનની મુલાકાત લઈ આયોજનને બિરદાવ્યું હતું.

**પ્રદર્શનનાં આકર્ષણો :**

તા. 24-01-2019 ના રાજ્યના જાણીતા શિક્ષણવિદ્ શ્રી મહેન્દ્રભાઇ ચોટલિયાએ જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ અંગે મનનીય વક્તવ્ય આપ્યું હતું તો ભરાડ ફાઉન્ડેશનના શ્રી ગિજુભાઇ ભરાડે પ્રતિક્ષણ બદલાતા વિજ્ઞાનની સાથે તાલ મેળવવા પર ભાર મૂક્યો હતો. આજ દિવસે કેમ્પસમાં ચાર થી પાંચ જગ્યાએ મોટા ટેલિસ્કોપ દ્વારા તમામ પ્રતિભાગીઓને આકાશદર્શન સંદર્ભે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

તા. 24 અને 25 જાન્યુઆરીના સાંજના ભાગે કચ્છ-ભુજ જિલ્લાની તથા યજમાન સંસ્થાની શાળાઓનાં બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવેલ. તેમજ તા. 26ના કચ્છી સપૂત પંડિત શ્યામજી કૃષ્ણવર્માના જીવનકવન પર આધારિત નાટકનું મંચન કરવામાં આવેલ. જેને સૌ ઉપસ્થિતોએ વધાવી લીધેલ.

માનકુવા સી.આર.સી. દ્વારા કચ્છની વિવિધ સંસ્કૃતિ કલાઓ, ખનીજો તથા વિવિધ પક્ષીઓ - પ્રાણીઓ, કચ્છી ભરતકામ જેવી વિવિધ બાબતો રજૂ કરવામાં આવી હતી. IIT - Gandhinagar દ્વારા વિજ્ઞાન-ગણિત જાતે કેવી રીતે શીખી શકાય, જાતે મોડેલ કેવી રીતે તૈયાર કરી શકાય તે અંગે જુદા જુદા શ્રેષ્ઠ નમૂનાઓ રજૂ કરવામાં આવેલ હતા જે ખૂબ જ રસપ્રદ રીતે મુલાકાતીઓ દ્વારા નિહાળવામાં આવેલ હતાં. પ્રદર્શનના તમામ દિવસો દરમ્યાન પી.એચ.સી. કેરા દ્વારા આરોગ્ય સંદર્ભે સુંદર કામગીરી કરવામાં આવી હતી.

પ્રદર્શનના અંતિમ દિવસે સમગ્ર વિશ્વમાં ખ્યાતિ પ્રાપ્ત સફેદ રણ ધોરડોની મુલાકાત ગોઠવવામાં આવેલ. જેને જોઇને રાજ્યમાંથી આવેલ વિજ્ઞાન સલાહકોર તેમજ બાળ વૈજ્ઞાનિકો રોમાંચિત થઇ ઉઠ્યા હતા.

## 17. શાળા સ્વચ્છતા એવોર્ડ

જીસીઈઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ડાયેટ-ભુજ દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા સંદર્ભે જાગૃતિ વધે અને સ્થાનિક સમુદાયામાં સ્વચ્છતા અંગેની સભાનતા અને સંવેદનશીલતા વધે એ માટે શાળા સ્વચ્છતા એવોર્ડ (વર્ષ - 2018-2019) અંતર્ગત જિલ્લા કક્ષાએ આયોજિત કરી નોમિનેશન ફોર્મ ઓનલાઇન/ઓફલાઇન ભરવામાં આવેલ હતા. તમામ તાલુકામાંથી આવેલ શાળાઓના નમિનેશનના આધારે 70% થી વધુ ગુણ પ્રાપ્ત કરેલ શાળાઓની શાળા સ્વચ્છતા એવોર્ડ અન્વયે તાલુકા કોર કમિટી દ્વારા રૂબરૂ મુલાકાત લઇ તાલુકા દીઠ બે શાળાઓની પસંદગી કરવામાં આવી હતી.

કચ્છ જિલ્લાના 10 કુલ 28 પ્રાથમિક શાળાઓને શાળા સ્વચ્છતા એવોર્ડ અંતર્ગત રૂ. 11,000 /- નો એક ચેક, મોમેન્ટો અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળા સ્વચ્છતા એવોર્ડ અંતર્ગત આ પ્ર.શાળાઓના મુખ્ય શિક્ષકોને ગત વર્ષની વિજેતા પ્ર.શાળા ભારાસર પ્ર.શાળા અને પદમપર પ્ર.શાળાની એક્સપોઝર વિઝીટ કરાવવામાં આવી હતી.

## 18. એજ્યુકેશનલ ઈનોવેશન ફેર


જીસીઈઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ડાયેટ ઈનોવેશન સેલ ભુજ(ભુજ-કચ્છ) દ્વારા જિલ્લા કક્ષાના ચતુર્થ એજ્યુકેશનલ ઈનોવેશન ફેરનું આયોજન તા.11/12/2018 થી તા.12/12/2018 દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, માધ્યમિક શાળાના શિક્ષકો અને તાલીમી સંસ્થાઓના વ્યાખ્યાતાઓ મળી 43 ઈનોવેશન પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ઈનોવેશન ટીચર્સ દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ નવતર પ્રવૃત્તિઓનું નિદર્શન કચ્છ જિલ્લાના 1123 શિક્ષકોએ કર્યું હતું.

# તસ્વીરી ઝલક







ધો. 1 - 2 પ્રજ્ઞા નવા અભ્યાસક્રમ એમ.ટી. તાલીમ



બાળમેળા, લાઈફ સ્કીલમેળા અને ઈકોક્લબ પ્રવૃત્તિઓ માટે આયોજન બેઠક



ખાનગી શાળાના શિક્ષકો માટે ધો. 6 થી 8 (ગણિત-વિજ્ઞાન) નવા અભ્યાસક્રમ અંતર્ગત તાલીમ




સંકલન સમિતિની બેઠક




વસતિ તારુણ્ય શિક્ષણ તાલીમ



કલા ઉત્સવ, જિ. કચ્છ




ખાનગી શાળાના શિક્ષકો માટે ધો. 3 પર્યાવરણ અને ધો. 3 થી 5 ગણિતના નવા અભ્યાસક્રમની તાલીમ




બી.આર.સી. કો-ઓર્ડિનેટર માટે રીવ્યુ બેઠક


ધો. 3 થી 5 ગણિતના નવા અભ્યાસક્રમની તાલીમ



બ્લોગ ક્રિએશન વર્કશોપ


શાળા સ્વચ્છતા એવોર્ડ, જિ. કચ્છ



સાંસ્કૃતિક ધરોહર અને તેની જાળવણીની તાલીમ


શિક્ષકો માટે ICTના ઉપયોગ સંદર્ભે તાલીમ


PAC બેઠકમાં રજુઆત કરતા ડાયેટ ભુજના પ્રાચાર્ય શ્રી એચ.ટી.ગોર


વિજ્ઞાન ગણિત મંડળની પ્રવૃત્તિઓ અને ગણિત-વિજ્ઞાન પ્રયોગશાળા નિર્માણ વર્કશોપ



જિલ્લા કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શન આયોજન માટેની બેઠક




જિલ્લા કક્ષાએ ICTના શિક્ષકો માટે શેરીંગ વર્કશોપ




ધો. 3 થી 5 ગણિત એમ.ટી. તાલીમ




ધો. 3 થી 5 ગણિત આર.પી. તાલીમ



ઈકોક્લબ શાળાકીય પ્રવૃત્તિ તાલીમ




આર્ટ ઈન્ટિગ્રેટેડ તાલીમ અંતર્ગત LLDC - અજરખપુરની મુલાકાત લેતા તાલીમાર્થીઓ



ઈનોવેશન શેરીંગ વર્કશોપ



ઈનોવેશન રાઈટ-અપ વર્કશોપ




ઈકોક્લબ ડોક્યુમેન્ટેશન વર્કશોપનું નિર્માણ કરતા શિક્ષકો

## તસ્વીરી ઝલક







બાળમેળા અને લાઈફસ્કીલ મેળા ડોક્યુમેન્ટેશન વર્કશોપ



મુખ્ય શિક્ષક તાલીમ અંતર્ગત જુથકાર્ય કરતા તાલીમાર્થીઓ



નવનિયુક્ત HTAT તાલીમ



ધો. 4 ગણિતના નવા પાઠ્યપુસ્તકની તાલીમ



મિશન વિદ્યા – 2018 સંબંધિત કાર્યક્રમ



જિલ્લાકક્ષાના વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શનમાં
દીપ પ્રાગટ્ય કરતા માનનીય શિક્ષણમંત્રીશ્રી ચુડાસમા સાહેબ



ઈકોક્લબ પ્રવૃત્તિ કરતા વિદ્યાર્થીઓ



પર્યાવરણ સંરક્ષણની તાલીમ

# તસ્વીરી ઝલક






બાળમેળા પ્રવૃત્તિ કરતા વિદ્યાર્થીઓ



લાઈફ સ્કીલ મેળા પ્રવૃત્તિ કરતા વિદ્યાર્થીઓ



ફોક ડાન્સ સ્પર્ધા, જિ. કચ્છ



રોલ-પ્લે સ્પર્ધા, જિ. કચ્છ




ઈનોવેશન ફેસ્ટિવલ, જિ. કચ્છ



સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



શૈક્ષણિક પ્રવાસનો આનંદ માણતી બી.એડ્.ની તાલીમાર્થિનીઓ



ડાયટ કેમ્પસમાં કચ્છ લોકલ સ્પેશિફીક રીસોર્સ સેન્ટરનું નિર્માણ